પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૪૮ • કુલ પાના : ૪ • તારીખ : ૧૪-૦૬-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ઈડીએ રાહુલ ગાંધીની પૂછપરછ, કોંગ્રેસ દ્વારા દેશભરમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા

### રાજસ્થાન છત્તીસગઢના મુખ્યમંત્રીઓ, મધ્યપ્રદેશ ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રીઓ સહિત અને કોંગ્રેસી નેતાઓની અટકાયત

નવીદિલ્હી,

નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડીએ રાહુલ ગાંધીની પૂછપરછ કરી હતી તો બીજીબાજુ કોંગ્રેસે આ કાર્યવાહીનો જોરદાર વિરોધ કર્યો હતો. સવારથી જ પાર્ટીના કાર્યકરોએ દિલ્હીમાં વિવિધ સ્થળોએ રાહુલના પોસ્ટર લગાવી દીધા હતા. જેના પર લખ્યું હતું-રાહુલ નમશે નહીં.સવારે ઈડી ઓફિસની સામે વિરોધ પ્રદર્સન કરવા માટે રાહુલ ગાંધી સાથે ઈડી ઓફિસ જઈ રહેલા નેતાઓને પોલીસે કસ્ટડીમાં લીધા હતા. જેમાં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત, છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ, મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ, ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી હરીશ રાવત અને કોંગ્રેસના સાંસદ રણદીપ સિંહ સુરજેવાલાનો સમાવેશ થાય છે.




કોંગ્રેસના પ્રદર્શનને જોતા દિલ્હી પોલીસે કોંગ્રેસ હેડક્વાર્ટરથી ઈડી ઓફિસ સુધીનો રસ્તો સીલ કરી દીધો હતો. ઈડી ઓફિસની નજીક ત્રણ સ્તરીય સુરક્ષા કોર્ડન કરી હતી પોલીસે પ્રથમ સર્કલ પાસે કોંગ્રેસની પદયાત્રાને અટકાવી હતી. અહીં કાર્યકરોની પોલીસ સાથે ઘર્ષણ પણ થયું હતું. આ પહેલા રાહુલ ગાંધીની તપાસનો વિરોધ કરી રહેલા કોંગ્રેસના કાર્યકરોને દિલ્હી પોલીસે કોંગ્રેસ મુખ્યાલયથી અટકાયતમાં લીધા હતા.ગુજરાતમાં પણ કોંગ્રેસ દ્વારા પ્રદર્શન કરવામાં આવ્યા હતાં કોંગ્રેસના પ્રદેસ અધ્યક્ષ જગદીશ ઠાકોર સહિત કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓની પોલીસે અટકાયત પણ કરી હતી.કોંગ્રેસના કાર્યકરોની પોલીસ સાથે ઝપાઝપી પણ થઈ હતી

કોંગ્રેસ પાર્ટી હેડક્વાર્ટરની બહાર ભેગા થયેલા કોંગ્રેસના નેતાઓએ કહ્યું કે ભાજપ દ્વારા 'ઈડી' નો ઉપયોગ મશીનગન તરીકે કરે છે જે વિપક્ષ સામે આગ ફેલાવે છે. આ મશીનગનનો દારૂગોળો ક્યારેય ખતમ થતો નથી. કોંગ્રેસના રાજ્યસભા સાંસદ રંજીત રંજને કહ્યું, મોદી સરકાર ડરી ગઈ છે, તેથી તે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને પરેશાન કરી રહી છે. ઈડીએ જલ નિગમ ભરતી કૌભાંડમાં સપા નેતા આઝમ ખાન વિરુદ્ધ વધુ એક કેસ નોંધ્યો છે.કોંગ્રેસના નેતા અને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યું કે આજે દેશમાં જે થઈ રહ્યું છે તેનો અમે વિરોધ કરી રહ્યા છીએ. પીએમ દેશને સંદેશ આપે કે હિંસા બર્દાશ્ત કરવામાં આવશે નહીં. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના ઈડી સામે હાજર થતા પહેલા તેમના પ્રત્યે અકજુટતા વ્યક્ત કરવા માટે પાર્ટી મુખ્યાલયમાં ભેગા થયા છીએ.કોંગ્રેસ નેતા રણદીપ સિંહ સુરજેવાલે કહ્યું હતું કે નેશનલ હેરાલ્ડમાં કોઈ જ કૌભાંડ થયું નથી. નેશનલ હેરાલ્ડ કંપનીએ યંગ ઈન્ડિયા કંપનીની લોન ચુકવી છે અને કર્મચારીઓને પગાર આપ્યો છે. અમે ભાજપ સરકારની જેમ સરકારી સંપત્તિઓને વેચી નથી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી.ચિદમ્બરમે કહ્યું કે રાહુલ ગાંધીને મોકલાવેલ ઈડીનું સમન્સ નિરાધાર છે અને એવું લાગે છે કે ભાજપા નેતા કે પાર્ટી દ્વારા શાસિત રાજ્ય તપાસ એજન્સીના અધિકાર ક્ષેત્રમાં આવતા નથી. તપાસ એજન્સી સામે હાજર થવાના નિર્દેશને લઈને કોંગ્રેસના શક્તિ પ્રદર્શનના નિર્ણય વિશે પૂછવા પર ચિદમ્બરમે કહ્યું કે હું એક કોંગ્રેસ સભ્ય અને વકીલના રૂપમાં પોતાની વાત રાખવા માંગું છું. રાહુલ ગાંધીને પીએમએલએ અંતર્ગત મોકલાવેલ ઈડીનું સમન્સ નિરાધાર છે.પ્રિયંકા ગાધીએ તુગલક રોડ પોલીસ સ્ટેશને પહોંચીને આ નેતાઓની મુલાકાત કરી હતી. કોંગ્રેસની ઓફિસથી રાહુલની સાથે ચાલતા નીકળેલા કોંગ્રેસ નેતાઓને એક કિમી પહેલા જ રોકવામાં આવ્યા હતા. જોકે તેઓ ત્યાં જ ધરણા પર બેસી ગયા હતા.

૨૦૧૨માં સુબ્રહ્મણયમ સ્વામીએ સોનિયા અને રાહુલ વિરુદ્ધ કોર્ટમાં કેસ નોંધાવ્યો હતો. એમાં સ્વામીએ ગાંધી પરિવાર પર ૫૫ કરોડના કૌભાંડનો આરોપ લગાવ્યો હતો. જોકે આ કેસમાં એન્ટ્રી વર્ષ ૨૦૧૫માં થઈ હતી.

**MP**ના પૂર્વ **CM** દિગ્વિજિય સિંહે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે વિપક્ષથી ડરે છે તો તેમના અવાજને દબાવવા માટે ઈંઢને આગળ કરે છે. ભાજપે એ વાત જાણી લેવી જોઈએ કે કોંગ્રેસ તેમનાથી ડરે એમ નથી. સરકારની ખોટી નીતિઓનો વિરોધ ચાલુ રાખશે.કોંગ્રેસ નેતા સચિન પાયલોટ પણ દેખાવમાં સામેલ થવા માટે દિલ્હી પહોંચ્યા છે. તેમણે મીડિયાને કહ્યું હતું કે અમે ગાંધીવાદી અને શાંતિપૂર્ણ રીતે માર્ચ કાઢવાની કોશિશ કરી હતી, જોકે દિલ્હીમાં પરવાનગી જ મળી નથી. મને લાગે છે કે આ લોકો જે રીતે એજન્સીઓનો ખોટો ઉપયોગ કરી રહ્યા છે એ જાહેર છે. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને તમામ નેતાઓ પર ૭-૮ વર્ષથી કેસ કરવામાં આવ્યા છે. દેશમાં આટલા જરૂરી મુદ્દાઓ છે, પરંતુ અલગ વિચારધારાઓના લોકોને દબાવવાનું કામ થઈ રહ્યું છે.

## અયોધ્યાની જિલ્લા કોર્ટ કચેરીને બોમ્બથી ઉડાવાની મળી ધમકી, રામનગરી પોલીસ છાવણીમાં ફેરવાઈ

અયોધ્યા,

આતંકી હુમલાનો ડંખ ઝેલી ચૂકેલી કચેરીને ફરી એક વખત બોમ્બથી ઉડાવવાની ધમકી આપવામાં આવી છે. ગત ૨ જૂનના રોજ પોસ્ટના માધ્યમથી ધમકી ભરેલો પત્ર જિલ્લા કોર્ટના કાર્યાલયમાં મોકલવામાં આવ્યો હતો. આ બાબતે ગોપનીય તપાસ કરી. ધમકી ભરેલો પત્ર જે વ્યક્તિના નામથી મોકલવામાં આવ્યો હતો, તપાસમાં તે નિર્દોષ મળ્યો છે. છતા કોતવાલી નગરમાં અજાણ્યા ઈસમ વિરુદ્ધ કેસ દાખલ કરાવવામાં આવ્યો છે. સિવિલ કોર્ટ પોલીસ સ્ટેશનના પ્રભારી વિનય કુમાર તરફથી ફરિયાદ દાખલ કર્યા બાદ તે સંવેદનશીલ પ્રકરણ ઉજાગર થયું.

જોકે કેચેરીની સુરક્ષા પહેલા જ પૂરતી છે, પરંતુ ધમકી ભરેલો પત્ર મળ્યા બાદ દેખરેખ હજુ વધારી દેવામાં આવી છે. કચેરી સાથે સાથે રામનગરીમાં પણ અતિરિક્ત સુરક્ષા અને દેખરેખ રાખવામાં આવી રહી છે. ગત ૨ જૂનના રોજ પુરાકલંદરના રહેવાસી રાશિદ નામથી ધમકી ભરેલો પત્ર મોકલવામાં આવ્યો હતો. પત્ર મળ્યા બાદ આ બાબતે પોલીસને જાણકારી આપવામાં આવી. કચેરી સાથે જોડાયેલા આ સંવેદનશીલ પ્રકરણને લઈને પોલીસે ગોપનીય રૂપે પત્રની તપાસ કરવી.

તપાસ કરવા પોલીસ જ્યારે દોલતપુર પહોંચી તો રાશિદે જણાવ્યું કે, પત્ર બાબતે તેને કોઈ જાણકારી નથી. ૧૪-૧૫ વર્ષ બાદ રાશિદનો પરિવાર આર્થિક રૂપે નબળો છે. ઘણા ચરણોની પૂછપરછ બાદ પોલીસે જાણ્યું કે, પત્ર લખનારના રૂપમાં રાશિદનું નામનો ખોટો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૐ સિટી શૈલેન્દ્રએ જણાવ્યું કે, અજાણ્યા ઈસમ વિરુદ્ધ કેસ દાખલ કરી લીધો છે. કચેરીની સુરક્ષા પૂરતી છે. પરિસર અને કોર્ટની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. ઉચ્ચાધિકારીઓના માર્ગદર્શનમાં સમય સમય પર તેનું પરીક્ષણ પણ કરવામાં આવે છે.

૨૩ નવેમ્બર ૨૦૦૭મા થયેલા લખનૌ, બનારસ અને ફૈઝાબાદ કચેરીમાં સીરિયલ બ્લાસ્ટ થયો હતો. ફૈઝાબાદ કચેરીમાં થયેલા બ્લાસ્ટમાં એડવોકેટ સહિત ૪ લોકોના મોત થયા હતા, જ્યારે ૨૪ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. કચેરીમાં બે અલગ અલગ સ્થળો પર બોમ્બ વિસ્ફોટ થયા હતા. આ ઘટના બાદ જ કચેરીની સુરક્ષા અને દેખરેખની પૂરતી વ્યવસ્થા કરી દેવામાં આવી હતી.

## એક ઉમેદવારને એક બેઠક પરથી જ ચૂંટણી લડવાનો નિયમ જરૂરી

નવીદિલ્હી,

ચૂંટણીપંચ દ્વારા કેન્દ્ર સરકારને એક પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે જેમાં કેટલાક નવા નિયમો લાગુ કરવાની ભલામણ કરવામાં આવી છે જે મુજબ એક બેઠક માટે ફકત એક જ ઉમેદવાર હોવો જોઈએ એટલે કે, એક ઉમેદવારને ફકત એક બેઠક પર ચૂંટણી લડવાનો અધિકાર હોવો જોઈએ. એ જ રીતે ઓપિનિયન પોલ અને એક્ઝિટપોલ પર પ્રતિબંધ લાદવો જોઈએ.સત્તાવાર વર્તુળોના જણાવ્યા મુજબ પ્રસ્તાવમાં ચૂંટણીપંચે કેન્દ્ર સરકારને એમ પણ કહ્યું છે કે, લોકોને મતદારોના પમાં રજિસ્ટર કરાવવા માટે ચાર તારીખો નિર્ધિરિત કરવી જોઈએ. ખાસ વાત એ છે કે, એક ઉમેદવારને ફકત એક જ બેઠક પરથી ચૂંટણી લડવાનો નિયમ લાગુ કરવાની જરૂર છે. ચૂંટણીપંચના એક અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરત સાથે એમ જણાવાયં છે કે, ચૂંટણીપંચ દ્વારા કેન્દ્રના કાયદા મંત્રાલયને ૬ મહત્વના પ્રસ્તાવ મોકલવામાં આવ્યા છે. સાથોસાથ પ્રસ્તાવમાં કેન્દ્ર સરકારને એવું સૂચન પણ કરવામા આવ્યું છે કે, આધારકાર્ડને મતદાર ઓળખપત્ર સાથે જોડવા અને પાત્રતા ધરાવતા લોકોને મતદાતાના પમાં રજિસ્ટર્ડ કરવા માટે ચાર કટ ઓફ તારીખોનો નિયમ બનાવવો જોઈએ.રિપોર્ટમાં જણાવ્યા મુજબ ચૂંટણીપંચે રાજકીય પક્ષોના રજિસ્ટ્રેશનને રદ કરવાનો અધિકાર પણ માગ્યો છે અને ૨૦ હજાર પિયાના બદલે બે હજાર પિયાથી ઉપરના તમામ ચૂંટણીફંડને જાહેર કરવાનું અનિવાર્ય બનાવવા માટે ફોર્મ ૨૪-એમાં સુધારા કરવાનો પ્રસ્તાવ પણ કર્યો છે.

ખાસ કરીને એવી પાર્ટીઓ જે ચૂંટણીપંચ સામે પોતાને મળેલા ફંડનો રિપોર્ટ પ્રસ્તુત કરવામાં નિષ્ફળ રહી છે તેમજ પોતાના કાયર્લિય પદાધિકારીઓ અને સત્તાવાર સરનામામાં બદલાવ સાથેની માહિતી ચૂંટણીપંચને આપી નથી તેવા રાજકીય પક્ષોના રજિસ્ટ્રેશન રદ કરવા માટે જનપ્રતિનિધિત્વ ધારામાં ફેરફાર કરવાનું સૂચન પણ કર્યું છે.

એ જ રીતે ચૂંટણીપંચે ઓપિનિયન પોલ અને એક્ઝિટ પોલના પ્રસારણ પર પ્રતિબંધ મુકવા માટે નવા નિયમ બનાવવા અથવા વર્તમાન નિયમમાં આ મુજબનો સુધારો કરવાનો પ્રસ્તાવ પણ કર્યો છે.

દેશનો છે નિર્ધાર

ગરીબ કલ્યાણની યોજનાઓનો લાભ ૧૦૦% પહોંચાડવો છે લાભાર્થીઓને દ્વાર

ગુજરાત સરકાર | આઝાદી કા અમૃત મહોત્સવ

- ગરીબોના ગૌરવને સમર્પિત ભારત સરકાર
  - ૩ કરોડથી વધુ પરિવારોને મળ્યું પોતાનું ઘર
  - ઉજ્જવલા યોજનાથી ૯.૧૭ કરોડ મહિલાઓને મળ્યું ગેસ કનેક્શન
  - ૧૧.૫ કરોડથી વધુ શૌચાલયોનું થયું નિર્માણ
  - ૯.૫ કરોડથી વધુ ઘરોમાં પહોચ્યું નળથી જળ
  - સૌભાગ્ય યોજના હેઠળ ૨.૮ કરોડથી વધુ ઘરોમાં પહોંચ્યા વીજળી કનેક્શન
- કોરોનાકાળમાં પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજનાથી ૮૦ કરોડ લોકોને મળી રહ્યું છે મફત અનાજ
- આયુષ્માન ભારત યોજના હેઠળ ૩.૩ કરોડથી વધુ લોકોની મફત સારવાર
- પીએમ સ્વનિધિ યોજના હેઠળ ૩૧.૯ લાખ ફેરિયાઓને મળી જામીનદાર વિના લોન
- ૪૫ કરોડથી વધુ જન-ધન ખાતા ખોલવામાં આવ્યા, યોજનાઓના લાભ હવે સીધા બેંક ખાતામાં
- પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ દર વર્ષે ૨૦ રૂપિયામાં ગરીબોને વીમો, અત્યાર સુધી ૨૮.૬ કરોડ લોકોની થઇ નોંધણી
- અટલ પેન્શન યોજનાથી ૬૦ વર્ષની ઉંમરથી માસિક પેન્શનની સુવિધા, અત્યાર સુધીમાં ૪ કરોડથી વધુ લાભાર્થીઓની થઇ નોંધણી





૮ વર્ષ સેવા, સુશાસન, ગરીબ કલ્યાણના




"દરેક ગરીબને સરકારી યોજનાઓનો લાભ મળવો જોઈએ, કોઈ ગરીબ રહી ના જાય એ જ સરકારની પ્રાથમિકતા છે. અમે આ જ અભિગમ સાથે કામ કરી રહ્યા છીએ. લાભાર્થીઓની સંતૃપ્તિ માટે અમે ૧૦૦% લાભ ૧૦૦% લાભાર્થીઓ સુધી પહોંચાડવાનો પ્રણ લીધો છે."

— નરેન્દ્ર મોદી —

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર નગરમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં બીજા દિવસે પણ વરસાદની સતત બેટિંગ : નીચલા વિસ્તારોમાં પાણી ભરાયા


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં શરૂઆતથી જ મેઘરાજાનો પ્રવેશ બીજા દિવસે પણ વરસાદની સતત બેટિંગ બપોરના ૨:૦૦ શરૂ થયેલો વરસાદ દિવસભર ચાલુ રહ્યો હતો. વરસાદ શરૂ થતાં જ ઠંડક પ્રસરી હતી તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો વરસાદનું આગમન થતાં જ ખેતીને કામમાં જોતરાયા સંતરામપુર નગરના અલગ અલગ વિસ્તારોમાં પાણી પણ ભરાયા હતા. જ્યારે સંતરામપુરના કેટલાક વિસ્તારો એવા છે. નીચલા વિસ્તારોમાં પાણી ભરાયું કોમ્પ્લેક્ષ ભોયરામાં પાણી ભરાયું ગોધરા બેન્ક ઓફ બરોડા પાસે પ્રતાપપુરા વળાંકમાં મોટા બજાર નવા બજારમાં પ્રિમોન્સુન કામગીરી પર નગરપાલિકા અનેક સવાલો ઊભા થયા વરસાદ શરૂ થતાં પહેલાં જ કોઈ કામગીરી ન કરતાં આજે નગરના અલગ અલગ વિસ્તારોમાં પાણી ભરેલા જોવાયેલા છે. રોડની સાઈડમાં સફાઈ અને ઝાડ-ઝાખરી સફાઈનો અભાવ રહ્યો. જ્યારે લુણાવાડા રોડ અને ગોધરા ભાગોળ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે પ્રિમોન્સુન કામગીરી કરવાની તેમની ફરજમાં આવે છે પરંતુ નગરપાલિકા આ ફરજ પણ ભૂલી ગઈ હતી. બંને વિસ્તારોની ગટરોની સફાઈને અભાવે રોડ ઉપર પાણી ફરી વળ્યું.

# સંતરામપુર તાલુકાના સીમલીયા ગામ પરણીતાએ સાસુના પતિના ત્રાસથી કેરોસીન છાટીને જીવન ટૂંકાવ્યું

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના સીમલીયા ગામની બનેલી ઘટના સંતરામપુર તાલુકાના સીમલીયા ગામને પરણિતાના લગ્નના એક જ વર્ષ પહેલા હતા. એક વર્ષ બાદ સાસુ અને તેના પતિ વારંવાર તેની પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો. તેની સાસુ અંબાબેન વારંવાર ટોણા અને મેણા મારતી હતી અને વિજય પ્રભુભાઈ પારગી વારંવાર તેની પત્નીને ખોટી રીતે હેરાન કરતો હતો અને કહેતો હતો કે તું મને ગમતી નથી અને રાખવાની નથી. આ રીતે વારંવાર પરણિતા જોડે માનસિક ત્રાસ ત્રાસ આપતો હતો. આ બાબતની ફોન દ્વારા તેમના પરિવારની પરિણીતાએ જાણ કરી હતી કે મને મારી સાસરીમાં મારી સાસુ અને મારો પતિ મને ઘણો ત્રાસ આપે છે અને હું કંટાળી ગઈ છું નાછૂટકે પરણિતાએ ઘરની અંદર સવારના પોતાની સાસુને ઘરમાં જ શરીર ઉપર કેરોસીન નાખીને દાઝી ગઈ હતી. દાઝી જતાં બુમ બરાડા કરી મૂકી હતી તાત્કાલિક સરકારી દવાખાનામાં દાખલ કરવામાં આવેલી હતી અને તેના પતિએ અને પરિણીતાના પરિવારને ફોન કરીને સરકારી દવાખાનામાં અમારૂં જાણ કરી હતી. શરીર ઉપર વધારે દાઝી જવાના કારણે ગોધરા રીફર કરવામાં આવેલા હતા પરંતુ નાજુક તબિયત હોવાના કારણે બરોડા લઈ જવા માટે ગયા હતા પરંતુ પરિણીતાનું રસ્તામાં મોત નીપજ્યું હતું. પરિણીતાના પિતા શંકરભાઈ હકજીભાઈ ડામોર સંતરામપુર પોલીસ સ્ટેશનમાં પતિ અને સાસુના વિરોધમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. સંતરામપુર પોલીસ દુષ્પ્રેરણા કરી અને અન્ય ગુનો કરવા બાબતમાં પોલીસે બેના વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો વિજય પ્રભુભાઈ પારગી અંબાબેન પ્રભુભાઈ પારગી બંને વિરૂદ્ધ ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી.

# અમદાવાદ-ઈન્દૌર હાઈવે પર સાલીયા પાસે લકઝરીની અડફેટે એક્ટિવા ચાલકનું મોત

ગોધરા,
અમદાવાદ-ઈન્દૌર હાઈવે ઉપર અકસ્માતની બે ઘટનાઓ બની હતી. જેમાં મોરવા(હ)ના સંતરોડ સાલીયા પાસે ખાનગી લક્ઝરી બસના ચાલકે એક્ટિવાને અડફેટે લેતા એક વ્યકિતનુ ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજયું હતુ. અને એક વ્યકિતને ઈજાઓ પહોંચતા સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જયારે અકસ્માતની બીજી ઘટનામાં ગોધરા તાલુકાના અમરાપુરા પાસે કાર પુલિયામાં ખાબકી હતી દરમિયાન કારને ભારે નુકસાન થવા સાથે કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો. આ ઘટનામાં ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હોવાનુ જાણવા મળ્યુ હતુ.

ગોધરા તાલુકાના કુંડલા ગામે રહેતા શનાભાઈ પટેલ અને મંગળસિંહ બારીયા બંને એક્ટિવા લઈ મોરવા(હ)ના સાલીયા સંતરોડ ખાતે પોતાના સંબંધિના ઘરે ગયા હતા દરમિયાન તેઓ એક્ટિવા લઈ હાઈવે ઉપર સાલીયા નજીકથી પસાર થઈ રહ્યા હતા દરમિયાન દાહોદ તરફથી પુરઝડપે આવી રહેલી ખાનગી લક્ઝરી બસના ચાલકે એક્ટિવાને અડફેટે લેતા જ એક્ટિવા સવાર બંને માર્ગ ઉપર પટકાતા શરીરે ઈજાઓ પહોંચી હતી. દરમિયાન શના વિરા પટેલનુ ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે જ મોત નીપજયું હતુ. જયારે મંગળસિંહ ગેમા બારીયાને ઈજાઓ પહોંચતા સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની બીજી ઘટના ગોધરા-અમદાવાદ હાઈવે ઉપર આવેલા અમરાપુરા પાસે બની હતી. જેમાં મધ્યપ્રદેશથી કચ્છ કાર લઈ જઈ રહેલા કાર ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર હાઈવે ઉપર આવેલા પુલિયાની વચ્ચેના ભાગમાં ખાબકી હતી. કાર અંદાજિત વીસ ફુટ ઉંડાઈમાં ખાબકતા કારને ભારે નુકસાન થયુ હતુ. પરંતુ કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો.

# ઘોઘંબામાં વરસાદનું આગમન થતાં ધરતી પુત્રોમાં આનંદ છવાયો


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકામાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થતાં ધરતીપુત્રોમાં આનંદની લાગણી છવાઈ હતી. ત્યારે ગરમીના ઉકળાટ વચ્ચે વાતાવરણમાં ઠંડીની મહેક પ્રસરી હતી. છેલ્લા કેટલાય દિવસથી ગરમીનો પારો વધતાં વાતાવરણ ઉકળાટ ભર્યું બન્યું હતું. લોકો ગરમીને કારણે બહાર જવાનું ટાળતા હતા. પંખા કુલર જેવા સાધનો ગરમી સાથે ટક્કર જીલવામાં અસક્ષમ બન્યા હતા. તેવામાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થતા ઘોઘંબા પંથકના રહીશોમાં આનંદની લાગણી છવાઈ હતી. લોકોએ પહેલા વરસાદમાં ન્હાવાની મજા માણી હતી. વરસાદ પડવાથી ધરતીપુત્રોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ હતી અને જમીન ઉપર ખેડા ચાલુ કર્યું હતું. વરસાદ સમય કરતાં વહેલો આવી જતા ચોમાસાનું આગમન પહેલા ઘરને રીપેરીંગ કરવામાં જોતરાયેલા લોકોને સરસામાન પલળી ગયો હતો. વરસાદ પડવાથી હાલ પૂરતી ઠંડક જોવા મળતા લોકોએ ગરમીથી રાહત અનુભવી હતી.

# સંતરામપુર તાલુકાના નરસિંગપુર ગામની ગોકુલધામ સોસાયટીમાં પ્રોટેકશન દિવાલ ધરાસાઈ



સંતરામપુર,
સંતરામપુર તાલુકાના નરસિંગપુર ગામમાં આવેલી ગોકુલધામ સોસાયટી ગતરાત્રીના વરસાદની ધમાકેદાર એન્ટ્રી અને બેટિંગ છે. સતત વરસાદ ચાલુ રહેતા આ માં સોસાયટીમાં બનાવવામાં આવેલી પ્રોટેક્શન દિવાલ વરસાદના કારણે ધસાઈ ધંધો કોઈપણ પ્રકારની જાનહાની થઈ નથી. સંતરામપુર તાલુકામાં પ્રથમ વરસાદમાં જ વિજળી પડતા ગોઠડા ગામે એક મહિલાનું મોત જયારે બે અલગ અલગ ગામોમાં પશુઓના મોત નિપજયા હતા. આ રીતે વરસાદની બેટિંગ શરૂ રહેશે નાનો-મોટો નુકસાન થવા પામ્યું હતું.

# દેવચોકડીથી સુતારીયા થઈ રૈયોલી જતા માર્ગ ડબલટ્રેક બનાવવા માંગ

કોઠંબા,
વિશ્વ પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ રૈયોલી તરફ જતા દેવચોકડીથી સુતારીયા રૈયોલીના બિસ્માર માર્ગને ડબલ ટ્રેક કરી મરામત કરાવવા માંગ ઉઠી છે.

મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલુ રૈયોલી ડાયનાસોર પ્રવાસન સ્થળ તરીકે જાણિતુ છે. સંતરામપુર, લુણાવાડા, વિરપુર, શહેરા, કોઠંબા તથા ઝાલોદ તરફથી આવતા પ્રવાસીઓ માટે દેવચોકડીથી સુતારીયા થઈને રૈયોલી ડાયનાસોર પાર્ક તરફ જતો રસ્તો અન્ય રસ્તાઓ કરતા ટુંકો પડે છે. પરંતુ આ રસ્તો સીંગલટ્રેક અને બિસ્માર હોવાથી અહિંથી પસાર થતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ રસ્તો ઠેર ઠેરથી તુટી ગયો છે. તથા રસ્તા પર ગાંડા બાવળ ઉગી નીકળ્યા છે.જેથી આ રસ્તાની સત્વરે મરામત થાય તથા આ રસ્તાને ડબલ ટ્રેક કરવામાં આવે તેવી લુણાવાડા સંતરામપુર અને વિરપુરથી આવતા પ્રવાસીઓની માંગ છે.

# વેજલપુર મોટા મહોલ્લામાં રહેણાંક મકાન માંથી ૩૭ હજારના ઈંગ્લીશ દારૂ સાથે ઈસમને ઝડપ્યો

વેજલપુર,
કાલોલ તાલુકાના વેજલપુર મોટા મહોલ્લામાં રહેતા ઈસમના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી ઘર માંથી ઈંગ્લીશ દારૂ કવાટરીયાની પેટી નંગ-૮ કિંમત ૩૭,૨૪૮/-રૂપીયા સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વેજલપુર મોટા મહોલ્લામાં રહેતા શોયેબ ઉર્ફે સોહેલ શકુરભાઈ મન્સુરી પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂ સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઘર માંથી ઈંગ્લીશ દારૂ કવાટરીયાની પેટી નંગ-૮ કિંમત ૩૭,૨૪૮/-રૂપીયાના મુદ્દામાલ સાથે શોયેબ મન્સુરીને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ઘોઘંબા દામાવાવ પોલીસે હુન્ડાઈ કારમાં કત્તલના ઈરાદે લઈ જવાતા ૩ ગૌવંશ સાથે બે ઈસમોને ઝડપ્યા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાની દામાવાવ પોલીસે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે, હુન્ડાઈ કારમાં કત્તલના ઈરાદે ગૌવંશ ભરીને લઈ જવાય છે. તેવી બાતમીના આધારે કારને રોકી ૩ ગૌવંશ કિંમત ૪૫,૦૦૦/-રૂપીયાના બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના દામાવાવ પોલીસે પેટ્રોલીંગમાં હતા. દરમિયાન બાતમી મળી હતી કે, હુન્ડાઈ કાર નંબર જીજે.૦૧.કેએ. ૮૨૯૦માં કત્તલના ઈરાદે ગૌવંશ ભરીને લઈ જવાતા હોય પોલીસે હુન્ડાઈ કારને રોકી હતી અને કાર માંથી ટુંકા દોરડા વડે પગ બાંધેલા ૩ ગૌવંશ કિંમત ૪૫,૦૦૦/-રૂપીયા, હુન્ડાઈ કાર મળી ૨,૪૫,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે રીઝવાન સિદ્દીક રસુલભાઈ (રહે.સાતપુલ, મુસ્લીમ સોસાયટી, ગોધરા), સાજીદ ઈદ્દીશ હયાત (મુસ્લીમ સોસાયટી, સી કોઠી સ્ટીલ નજીક) ને ઝડપી પાડવામાં આવ્યા. પોલીસે ૩ ગૌવંશને બચાવીને પરવડી પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવી હતી. આ બાબતે દામાવાવ પોલીસ મથકે પશુ સંરક્ષણ કાયદા અંતર્ગત ફરિયાદ નોંધાવામાં આવી.

# તા. ૧૬મીના રોજ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય મંત્રી હસ્તે સખી મેળો અને વંદે ગુજરાત પ્રદર્શનને ખુલ્લું મૂકવામાં આવશે

લુણાવાડા,
કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય અને ગ્રામ વિકાસ વિભાગ ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે તથા ગ્રામ વિકાસ એજન્સી, મહીસાગર-લુણાવાડાના સહયોગથી કલાત્મક ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતી ગ્રામીણ મહિલા સ્વસહાય જૂથના ઉત્થાન માટે બસ સ્ટેશનની સામે આવેલ ઈન્દિરા મેદાન, લુણાવાડા ખાતે તા. ૧૬/૬/૨૦૨૨ના રોજ સાંજના ૦૫ કલાકે રાજયના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના હસ્તે સાંસદ રતનસિંહ રાઠોડ, ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવક અને જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરની વિશેષ ઉપસ્થિતિમાં ખુલ્લો મૂકવામાં આવશે. આ સખી મેળો અને વંદે ગુજરાત પ્રદર્શન તા. ૨૨/૦૬/૨૦૨૨ સુધી સવારના ૧૦ થી રાત્રિના ૯ કલાક સુધી ખુલ્લું રહેશે. જેનો શહેર સહિત જિલ્લાના નાગરિકોને લાભ લેવા પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જણાવાયું છે. ઈન્દિરા મેદાન, લુણાવાડા ખાતેઆયોજિત આ સખી મેળોમાં ૫૦ સ્ટોલમાં જિલ્લાના વિવિધ તાલુકાના સ્વસહાય જુથની મહિલાઓ દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજવસ્તુઓ જેવી કેહેન્ડીક્રાફ્ટ, હોમ ડેકોર, કુર્તી, ખાદ્યસામગ્રી, કટલરી સહિતની અન્ય વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવશે. જયારે વંદે ગુજરાત પ્રદર્શનમાં ગુજરાત સરકારની ૨૦ વર્ષની વિકાસયાત્રાની ઝાંખી કરાવતું પ્રદર્શન રજૂ કરવામાં આવશે.

# મોરવા(હ)ના મેખર ગામે કાચા મકાનની દિવાલ પડતા પર વર્ષીય મહિલાનું મોત

મોરવા(હ),
મોરવા(હ) તાલુકાના મેખર ગામે વરસાદી માહોલ વચ્ચે કાચા મકાનની દિવાલ ધરાશાયી થતાં પર વર્ષીય મહિલાનું દબાઈ જવાથી મોત નિપજાવા પામ્યું. જયારે પતિનો આબાદ બચાવ થયો.

પંચમહાલ જીલ્લાના અનેક તાલુકામાં ગતરોજ મેઘરાજાની પધરામણી થઈ છે. ત્યારે મોરવા(હ) તાલુકામાં પણ વરસાદ પડયો હતો. રાત્રીના સમયે મોરવા(હ) તાલુકામાં અડધા થી પોણા ઈંચ જેટલો વરસાદ પડયો હતો. ત્યારે મેખર ગામે પવન સાથે પડતા વરસાદને લઈ કાચા મકાનની દિવાલ ધરાશાયી થઈ હતી. તે સમયે ઘરમાં રહેતા પર વર્ષીય મહિલા ઉપર દિવાલ પડવાથી દબાઈ જતાં મોત નિપજાવા પામ્યું હતું. જયારે તેમના પતિ ઘર માંથી બહાર નિકળી જતાં આબાદ બચાવ થયો હતો. કાચા મકાનની દિવાલ પડવાથી મોતની ઘટનાને લઈ આ બાબતે મોરવા(હ) તંત્રએ નોંધ લઈ કાર્યવાહી હાથ ધરી છે.

# ૧ જુલાઈથી ૧૯ પ્રકારના સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ : કેન્દ્રની આગોતરી તૈયારી શરૂ



નવીદિલ્હી,
આગામી ૧ જુલાઈથી દેશભરમાં ૧૯ પ્રકારનાં સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ લાગુ પડશે. સાથોસાથ અન્ય સિંગલ યુઝ પ્લાસ્ટીકના ઉપયોગને નિયંત્રિત કરવા માટેના પ્રયત્નો શરુ કરવામાં આવશે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ મુકવાની દિશામાં શરુઆત સારી ગણી શકાય પરંતુ પ્લાસ્ટીક સામેની લડાઈ લાંબી ચાલે તેમ છે. માત્ર ૧૯ ચીજો પર પ્રતિબંધ મુકીને પ્લાસ્ટીકના કચરામાં ઘટાડો થઈ શકે તેમ નથી. વાસ્તવમાં વધુને વધુ લોકોને જાગૃત કરવાની જરુર છે જેથી ૧લી જુલાઈથી શરુ થનારા બદલાવ વિશે તૈયાર રહી શકે. ૧૯ પ્લાસ્ટીક ચીજોના વિકલ્પ વિશે પણ લોકોને જાગૃત કરવાની જરુર છે.

પ્લાસ્ટીક મામલો ૨૦૧૯માં એક સંશોધન રિપોર્ટમાં ટોક્સિક લીંકનો પર્દાફાશ થયો હતો. જેમાં એવું બહાર આવ્યું હતું કે સિંગલ યુઝ પ્લાસ્ટીકનો કચરો રિસાયકલીંગ પ્લાન્ટને બદલે અન્યત્ર જઈ રહ્યો છે અનેક પ્લાસ્ટીક એવા હોય છે કે જેને કોઈ લેવા તૈયાર થતું નથી. ખાદ્ય ચીજોના પેકેટ, નૂડલ્સના પ્લાસ્ટીક, બિસ્કીટ અને ચીપ્સ જેમાં પેક થાય છે તેવા પ્લાસ્ટીક વગેરેનો કોઈ લેનાર નથી. તેનો બીજી વખત ઉપયોગ કરવાનું શક્ય નથી. જેને કારણે તે લેન્ડફીલ સાઈટ પર પહોંચી જાય છે. રિસાયકલીંગ પ્લાન્ટ માલિકો બિસ્કીટ, નૂડલ્સ, ચીપ્સ ઉપરાંત દવાઓના પ્લાસ્ટીક પર લેવા પણ તૈયાર હોતા નથી. શેમ્પુ, પેન, પેટબોટલ, ટ્યુબ વગેરેનો કચરો ઘણો મોટો હોય છે. આ કચરો લેન્ડફીલ સાઈટમાં ખડકાઈ જાય છે અને તેનાથી જમીન અને પાણીને પણ પ્રદુષિત કરે છે.

કેન્દ્ર સરકારના સુત્રોએ કહ્યું કે ૧લી જુલાઈથી જે ૧૯ પ્લાસ્ટીક ચીજો પર પ્રતિબંધ મુકાવાનો છે તે અભ્યાસના આધારે જ નક્કી કરવામાં આવી છે. પ્રથમ વખત વિસ્તૃત અભ્યાસ કરીને પ્લાસ્ટીકની ચીજોની પ્રતિબંધીત યાદી તૈયાર કરવામાં આવી છે એટલું જ નહીં પ્રથમ વખત કેન્દ્ર સરકારે જાહેરનામુ જારી કર્યું છે.ભુતકાળના પ્રયાસો વખતે રાજ્યો જાહેરનામા બહાર પાડતા હતા. પ્રતિબંધ લાગુ થયા બાદ વાસ્તવિક અસર નજરે પડવામાં ઓછામાં ઓછા એક થી બે વર્ષ લાગી શકે છે. સરકારી વિભાગો જ કડક અમલ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી શકશે. સિંગલ યુઝ પ્લાસ્ટીક કેટલુ નુકશાન કરે છે તે વિશે પણ લોકોમાં જાગૃતિ સર્જવી પડશે. પ્લાસ્ટીક બનાવતી કંપનીઓને પણ નવા ઉત્પાદનોના વિકલ્પ માટે પ્રોત્સાહીત કરવા પડશે.

જે ચીજ પર પ્રતિબંધ લાગ્યો છે તેમાં પ્લાસ્ટીકના ઈયર બડ, બલૂન સ્ટિક, પ્લાસ્ટીકના ઝંડા, લોલીપોપની સ્ટિક, આઈસ્ક્રીમની સ્ટિક, થર્મોકોલથી બનાવેલા સામાન, પ્લેટ્સ, કપ, ગ્લાસ, ચમચી, કાંટા, ચાકુ, સ્ટ્રો, ટ્રે, મિઠાઈના ડબ્બા, આમંત્રણ પત્રિકા, સિગારેટ પાકીટ, ૧૦૦ માઈક્રોનથી ઓછા જાડા પ્લાસ્ટીક અને પીવીસી બેનર વગેરે

સરકાર જે તૈયારી કરી છે તેમાં ★ પોલીથન બેગનો મહત્તમ ઉપયોગ થાય છે તેવા માર્કેટોની ઓળખ. ★ લોકોને કાપડની બેગ આપી શકાય તેવા માર્કેટોની ઓળખ, ★ સૈન્ય તથા પોલીસ વાઈફ એસોસિએશન તથા એનજીઓની મદદથી ઓછી કિમતની કાપડની બેગ બનાવવાની તૈયારી, ★ જૂના છાપાનો ઉપયોગ કરીને કાગળની બેગ બનાવવાની તૈયારી, ★ સ્કૂલ અને શૈક્ષણિક સંસ્થાઓમાં વાસણ બેંકની રચના, ★ ઈકો ફ્રેન્ડલી કટલેરી સરળતાથી ઉપલબ્ધ બને તેવા પ્રયાસનો સમાવેશ થાય છે.

# આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ, ભુલકાઓના કોલાહલથી શાળાઓ ગુંજી ઉઠી



અમદાવાદ,
આજથી વર્ષ ૨૦૨૨-૨૩ ના નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. ગુજરાતમાં ઉનાળુ વેકેશન બાદ સ્કૂલો ફરી એકવાર શરૂ થઈ ગઈ છે. ફરી એકવાર રાજ્યની તમામ સ્કૂલો નાના ભુલકાઓ અને વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજી ઉઠી છે. કોરોનાના કારણે છેલ્લા બે વર્ષ શિક્ષણ જગત માટે મુશ્કેલી રૂપ રહ્યા છે, ત્યારે બે વર્ષ બાદ સમયસર નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ રહી છે.

રાજયમાં આજથી ગુજરાત શિક્ષણ બોર્ડની હેઠળની રાજયની પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક સુધીની તમામ શાળાઓનું નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું છે. ૩૫ દિવસનું ઉનાળું વેકેશન પુરૂં થતા ફરીથી શાળાઓના કેમ્પસમાં વિદ્યાર્થીઓથી ધમધમ્યા છે. અમદાવાદના મેમનગરમાં આવેલી એચબીકે સ્કૂલ ખાતે નવા વર્ષના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓને આવકારવા વિશેષ તૈયારી કરાઈ હતી. મુખ્ય દ્વાર પર માં સરસ્વતી, ગણપતિ દાદાની મૂર્તિ મૂકી વિદ્યાર્થીઓને કંકુ ચોખા કરી તેમનું સ્વાગત કરાયું હતું એટલું જ નહીં, સ્કૂલોમાં ફુગ્ગા લગાડી, વિદ્યાર્થીઓને બુક માર્ક આપી પ્રથમ દિવસ વિદ્યાર્થીઓ માટે યાદગાર બનાવાયો હતો

આજે શિક્ષણકાર્ય શરૂ થતાં રાજ્યની ૫૫ હજારથી વધુ સ્કૂલોના એક કરોડથી વધુ બાળકો અસહ્ય ગરમી અને વેકેશનની મજા માણ્યા બાદ સ્કૂલોમાં પહોંચ્યા હતાં કોરોનાકાળ બાદ નવું શૈક્ષણિક સત્ર શરું થતા વિદ્યાર્થીઓ અને શાળા તંત્રમાં નવો ઉંમગ દેખાઈ રહ્યો છે. ત્યારે અનેક શાળાઓએ નવી નવી રીતે વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. ક્યાંક શિક્ષકોએ તિલક કરીને તો ક્યાંક વિદ્યાર્થીઓને કાર્ટૂન કેરેકટર દ્વારા આવકાર્યા હતા.

સૌરાષ્ટ્રના જૂનાઢગઢ, રાજકોટ, જામનગર સહિત ગુજરાતભરમાં નવું શૈક્ષણિક વર્ષ શરૂ થયું છે ત્યારે શાળા-કોલેજો પણ શરૂ થયા છે. જામનગરમાં સવારથી જ શાળાએ બાળકો પ્રવેશતા તેમનું કુમકુમ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. અને પ્રથમ દિવસે શાળામાં નવા આવતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળી રહે તે માટે નાના બાળકો માટે મનોરંજનની પણ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.જામનગરની એક સ્કુલ ખાતે ખાસ જમ્પિંગ, સ્લાઈડર અને ડોરીમેન તેમજ છોટાભીમ જેવા કાર્ટૂનના વસ્ત્રો પરિધાન કરી બાળકોને મનોરંજન પુરુ પાડવામાં આવ્યું હતું. જામનગરમાં પ્રથમ દિવસે બાળકો શાળામાં પ્રવેશ કરતાં જ શાળામાં પણ કિલ્લોલ જોવા મળ્યો

# શહેરા પાલિકાએ બે વેપારીઓ પાસેથી ૫૨૫ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટીક ઝભલાનો જથ્થો ઝડપ્યો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર અને તેમની ટીમ દ્વારા બે વેપારીઓને ત્યાંથી ૫૨૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઝબલાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો મળી આવતા પાલિકા એ વેપારીઓ સામે દંડ સહિતની કાર્યવાહી હાથધરી હતી.

કેન્દ્ર સરકાર દ્વારા પર્યાવરણને થઈ રહેલા નુકસાનને રોકવા માટે સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યારે શહેરા નગરના બજારોમાં આવેલી દુકાનોમા સેનેટરી ઈન્સપેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. નગરના સિંધી બજારમાં આવેલ વીર પ્લાસ્ટિક નામની દુકાન અને રોહિત વાસ વિસ્તારના એક રહેણાંક મકાન પાલિકાની ટીમે તપાસ કરતા સિંગલ યુઝ તેમજ હલકી ગુણવત્તાવાળા પ્લાસ્ટિકના ઝબલા મળી આવ્યા હતા. નગરપાલિકાની ટીમ એ વીર પ્લાસ્ટિક નામની દુકાન પરથી ૨૨૫ કિલો પ્લાસ્ટિકનો જથ્થો જ્યારે અલ્પેશ પરમારના મકાનમાંથી ૩૦૦ કિલો પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી પાડતા કુલ ૫૨૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઝબલા નો જથ્થો ઝડપી પાડીને દંડની કાર્યવાહી હાથધરી હતી.જોકેથોડા દિવસ અગાઉ સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઝબલા નો વેપાર કરતા વેપારીઓને નોટીસ પણ અપાઈ હોવાનું સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું હોય તેમ છતાં વેપારીઓ પોતાની મનમાની કરીને વધુ કમાણી કરવાની ઈચ્છા ધરાવતા હોવાથી પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઝબલા વેચાણ કરતા પાલિકા દ્વારા લાલ આંખ કરીને કાર્યવાહી હાથ ધરતા જેને લઈને વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. ઉલ્લેખનીય છે કે જિલ્લાના તંત્ર દ્વારા પ્લાસ્ટિકના ઉત્પાદન કરતા એકમો સામે મીઠી નજર રાખવાની જગ્યાએ જો કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તો પ્રતિબંધિત પ્લાસ્ટિક નું વેચાણ થતું અટકી શકે તેમ હોય ત્યારે સંબંધિત તંત્ર પોતાની આળસ ખંખેરીને આ સામે કડક કાર્યવાહી ક્યારે કરશે ? તે જોવુંજ રહ્યુ છે.

# આપની આજ.......

મેષ : વ્યવસાયિક દૃષ્ટિથી સમય અનુકૂળ છે. રોકાણને લગતી મહત્ત્વપૂર્ણ યોજનાઓ પણ સફળ થશે. લગ્નજીવન સુખમય રહેશે. દરેક કામને યોજનાબદ્ધ રીતે કરવું તથા એકાગ્રચિત્ત રહેવું તમને સફળતા પ્રદાન કરશે.

વૃષભ : આજે તમે આકરી મહેનત તથા આત્મવિશ્વાસ દ્વારા તમારા કાર્યોમાં ધ્યાન લગાવશો. કારખાના, ફેક્ટ્રી વગેરે લોખંડને લગતા વ્યવસાયમાં લાભદાયક પરિસ્થિતિઓ બનશે તથા સારા ઓર્ડર પણ મળશે.

મિથુન : વ્યવસાયિક કાર્યો માટે ઉધાર કે લોન લેતી સમયે ફરી વિચાર કરો. સર્વાઈકલ તથા ખભાનો દુખાવો પરેશાન કરી શકે છે. તમારા મુશ્કેલ સમયમાં જીવનસાથીનો ભરપૂર સહયોગ મળશે.

કર્ક : બેદરકારી અને મોડું કરવાથી કોઈ મહત્ત્વપૂર્ણ કામ અટકી શકે છે. લગ્નજીવનમાં મધુરતા રહેશે. આ સમયે તમારી વ્યવસાયિક પાર્ટીઓ સાથે સંબંધોને વધારે સારા કરવાની જરૂરિયાત છે. આજનો દિવસ પરિવાર સાથે સારો પસાર થશે.

સિંહ : કોઈપણ જોખમી કાર્યમાં આજે બિલકુલ પણ પોતાનું ધ્યાન ન લગાવો. લોકો સાથે હળવા-મળવામાં વધારે ધ્યાન આપો. સ્વાસ્થ્ય સારું રહેશે. આ સમેય કોઈપણ કાર્યને ઉતાવળની જગ્યાએ ધૈર્ય પૂર્વક કરો.

કન્યા : મુશ્કેલી કે વિઘ્નો સિવાય તમે તમારા બધા કામને પૂર્ણ કરવામાં સક્ષમ રહેશો. તમને કોઈ મુશ્કેલ સમયમાં પરિવારના સભ્યોનો પૂર્ણ સહયોગ મળશે. તમારા બજેટને તમારી જરૂરિયાતો પ્રમાણે સીમિત અને સંતુલિત રાખો. વાહન ચલાવતી સમયે બેદરકારી ન રાખો.

તુલા : કોઈ નજીકના સંબંધી સાથે તમારી જ કોઈ જિદ્દના કારણે સંબંધ ખરાબ થઈ શકે છે. પતિ-પત્ની વચ્ચે ઈગોને લઈને કોઈ વિવાદ થઈ શકે છે. તમે તમારી સમજણ દ્વારા કોઈ મુંઝવણનું સમાધાન મેળવવામાં પણ સક્ષમ રહેશો.

વૃશ્ચિક : કામકાજમાં વધારે રહી શકે છે. પેટમાં દુખાવો અને ગેસની સમસ્યા રહી શકે છે. પારિવારિક સુખ-શાંતિ જળવાયેલી રહેશે. તમારા મનમાં જે કલ્પનાઓ અને સપના છે, તેમને સાકાર કરવાનો યોગ્ય સમય છે.

ધનુ : સહયોગીઓ અને કર્મચારીઓ સાથે સંબંધ ખરાબ થવા દેશો નહીં. માંસપેશીઓમા દુખાવો રહી શકે છે. મિત્રો સાથે વધારે હરવા-ફરવામાં સમય ખરાબ ન કરો. મનમાં ચાલી રહેલી કોઈ દુવિધાનું પણ સમાધાન મળી શકે છે.

મકર : એક વાતનું ધ્યાન રાખવું કે કોઈના ઉપર પણ વધારે વિશ્વાસ કરવો નહીં. વ્યવસાયમાં વધારે મહેનત કરવાની જરૂરિયાત છે. આ સમય કોઈ નવું કામ પ્લાનિંગ સાથે કરવું તથા પોઝિટિવ વિચારો રાખવા. પારિવારિક વાતાવરણ સુખમય જળવાયેલું રહેશે.

કુંભ : પ્રોપર્ટીને લગતા વ્યવસાયમાં કોઈ મહત્ત્વપૂર્ણ ડીલ થવાની શક્યતા છે. આજે દોડભાગ વધારે રહેશે. ભૂતકાળની વાતોને વર્તમાન ઉપર હાવી થવા દેશો નહીં. પતિ-પત્નીના સંબંધોમાં મધુરતા રહેશે.

મીન : કામકાજમાં વધારે રહી શકે છે. પેટમાં દુખાવો અને ગેસની સમસ્યા રહી શકે છે. પારિવારિક સુખ-શાંતિ જળવાયેલી રહેશે. તમારા મનમાં જે કલ્પનાઓ અને સપના છે, તેમને સાકાર કરવાનો યોગ્ય સમય છે.

# દાહોદ લોકસભા વિસસ્તારના પાંચ ગામોનો સંસદીય સંકુલ વિકાસ યોજનાના પાલોટ પ્રોજેક્ટમાં સમાવેશ કરાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
ભારત સરકાર આદિજાતિ વિભાગ અને આદિજાતિ મોર્ચાના સહયોગથી સંસદીય સંકુલ વિકાસ યોજના શરૂ કરવામાં આવી છે.જેમાં દાહોદ લોકસભા વિસ્તારના પાંચ ગામોનો સમાવેશ કરાયો છે અને આ ગામડાઓનો સર્વાંગી વિકાસ કેવી રીતે થાય તેની પ્રક્રિયા સાંસદના માર્ગદર્શનમાં શરૂ કરવામાં આવી છે. આ પરિયોજના કેન્દ્ર સરકારના સીધા નિયંત્રણમાં કામ કરી રહી છે.

ભારત સરકાર અને ગુજરાત સરકાર આદિજાતિઓના વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકે છે અને તેના દ્વારા સામાજિક અને આર્થિક વિકાસની દિશાઓ ઉજ્જવળ બની રહી છે.ત્યારે કેન્દ્ર સરકારના આદિજાતિ વિભાગ અને ભારતીય ઈીદિજાતિ મોર્ચાના સંયુક્ત ઉપક્રમે સંસદીય સંકુલ વિકાસ નામની એક નવી યોજના અમલમાં મુકવામાં આવી છે અને તેને આશરે એક વર્ષ પણ પૂર્ણ થયુ નથી.આ યોજના અંતર્ગત દાહોદ લોકસભા વિસ્તારના જુનાવડીઆ, પાડલીયા, સરજુમી અને કટારાની પાલ્લી ગામોનો સમાવેશ થાય છે.આ પરિયોજના દ્વારા ભારત સરકાર દ્વારા ચાલતી વિવિધ યોજનાઓ જેવી કે આયુષ્માન ભારત, કિસાન ક્રેડીટ કાર્ડ,પાણીના સંગ્રહ માટે ચેકડેમ, દાનલોકોના ઉપયોગ માટે કુવા,સોલાર લાઇટ તેમજ જંગલમાંથી ઉપજ થતી પેદાશોમાંથી જનસામ્નય ગામમાંથી જ આવક મેળવી શકે તેના માટે વન ધન કેન્દ્રની શરૂઆત કરવામાં આવશે.આ પાંચેય ગામડાઓમાં આ સિવાય પ્રાકૃતિક ખેતી પર પણ ભાર મુકવામાં આવ્યો છે.ગામનો ખેડૂત પાણી સંગ્રહ થાય એટલે શાકભાજી,ફળફળાદિ અને બાગાયત પ્રકારની ખેતી કરવા સક્ષમ થાય તેવો આશય છે.આ પાંચેય ગામજાઓમાં ૧૦૦ ટકા સિધ્ધિ મેળવવાનો લક્ષ્યાંક છે.સંસદીય સંકુલ વિકાસ પરિયોજના દ્વારા ગ્રામીણ કક્ષાએ ઓષધિય ઉત્પાદન કરતાં વૃક્ષો,ફળાઉ ઝાડ,મહુડા,કાયણ જાંબુ,ખાખરો જેવા વૃક્ષોનું વાવેતર કરીને ફરીથી જંગલોને પુનઃજિવિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. નદીઓનું ધોવાણ અટકાવવું, ચેકડેમ બનાવવા, ડુંગરો પરથી આવતા પાણીને રોકીને જંગલોને પોષણ પુરૂ પાડવુ તેમજ માંડવા પધ્ધતિથી શાકભાજીનું ઉત્પાદન કરવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવશે.યુવાનોને સ્કીલ ડેવલોપમેન્ટ અંતર્ગત તાલીમ જેવી કે ઈલેક્ટ્રીક, પ્લમ્બીંગ,ટીવી અને મોબાઈલ રીપેરીંગ જેવુ કૌશલ્ય મેળવી યુવાનો સ્થાનિક કક્ષાએ રોજગારી મેળવી શકે.આ પાંચ ગામોનો પાયલોટ પ્રોજેક્ટ છે અને આવા પ્રયાસોથી આદિવાસી ગ્રામીણ વિસ્તારોને વિકસીત કરવાનું આયોજન કરવામાં આવ્યુ છે.સાંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યુ હતુ કે કેન્દ્ર સરકારે આ પાંચ ગામોની પસંદગી કરવામાં આવી છે અને તે ગામડાઓમાં યોજનાનો પ્રારંભ પણ કરી દેવાયો છે. આ યોજનાનો મૂળ ઉદ્દેશ આદિવાસી ગ્રામીણ વિસ્તારોને સુવિકસિત કરવાનો છે.

# દાહોદ જીલ્લામાં વિકાસ વચ્ચે વિજાગઢ ગામના નાના ફળીયા અને ગામતળના લોકોને કોઈપણ લાભ ન મળતા આક્ષેપ

દાહોદ,
સરકારી યોજનાઓ ની મોટી મોટી સુફિયાણી વાતો કરતી ભાજપ સરકાર ના મોટો મોટા નેતા બીજી તરફ સરકારી અધિકારી પણ તલાટી અને સરપંચોની આકડકીય જાલમાં તપાસ કરીયા વિના સાચું માની કોઈ તપાસ કરતા નથી.

દાહોદ જીલ્લા માં મીટીંગ દરમ્યાન બતાવેલ આકડકિય માયા જાલ માંથી નીકળી સ્થળ તપાસ અને તે પણ કોઈ પણ જાણ કર્યા વિના કોઈ પણ તાલુકા મા જ ઈ તપાસ કરવામાં આવે તો દુધ નું દૂધ અને પાણીનું પાણી જોવાઈ જશે.

દાહોદ ના વિજાગઢ ગામમાં આવાસ, સૌચાલયો, કેટલ સેડ યોજના જેવા સરકારી કામો ના મળ્યા હોવાનો ગ્રામજનો દ્વારા આક્ષેપ. દાહોદનું વિજાગઢ ગામ જે દાહોદ મુખ્ય મથક થી આશરે ૧૦ થી ૧૨ કિલોમીટર ના અંતરે આવેલું છે. તમામ સરકારી ઓફિસો મુખ્યમથક દાહોદમાં આવેલી છે.



અહીના ઘણા ગ્રામજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો કે અમારા વિજાગઢ ગામમાં નાના ફળિયા, તેમજ ગામતળ માં આવાસ યોજના, કેટલ સેડ યોજના તેમજ સૌચાલય યોજના નો લાભ મળેલ નથી.

પ્રશ્ન એ થાય છે કે સરકાર દ્વારા ગરીબ આદિવાસીઓને વિવિધ યોજનાઓ થકી ઘણા લાભો આપવામાં આવે છે પરંતુ અહી લોકોના કાચા ઘરો પડી જાય તેવી હાલતમાં જોવા મળ્યા, લોકોનો આક્ષેપ છે કે અમારા વિજાગઢ ગામમાં ગામતળ તેમજ નાના ફળિયા માં મોટાભાગના સૌચાલયો પણ બનાવવામાં આવ્યા નથી.

ઢોર – ઢાંકર, ગાય, ભેંસ, બકરી જેવા પાલતુ પશુઓ ને બાંધવા માટે તેમજ તેમને કોઈપણ ઋતુમાં તડકો, વરસાદ, ઠંડી – ગરમી થી રાહત મળે તે માટે સરકાર દ્વારા મનરેગા ની યોજના થકી કેટલ સેડ બનાવી આપવામાં આવે છે. પરંતુ અહી લોકો જોડે થી વિવિધ યોજનાઓના નામે ડોક્યુમેન્ટ લેવામાં આવે છે. પરંતુ આજ દિન સુધી આ યોજના મંજૂર નથી થઈ તેવા જવાબો તંત્ર દ્વારા આપવામાં આવે છે તેવો ગંભીર આક્ષેપ લોકોએ કર્યો હતો.

અહીં ના લોકો નો આક્ષેપ છે કે છેલ્લા ૨૦ વર્ષ થી સરપંચો, તલાટીઓ આવ્યા અને ગયા અમે લોકોએ તેઓને ઘણી રજૂઆતો કરી છતાં પણ અમારું ધ્યાન કોઈએ પણ લીધું નહિ. વધુમાં જણાવ્યું કે અમારે ગ્રામસભા માં રજૂઆત કરવા માટે પણ જવું છે પરંતુ અહી અમારા ગામમાં ગ્રામસભા ક્યારે ભરાય તેની જાણ પણ લોકોને કરવામાં આવતી નથી.

અહીં વિજાગઢ ગામના નાના ફળિયા તેમજ ગામતળ ના ગ્રામજનોની માંગ છે કે સરકારી અધિકારીઓ આવે અને સ્થળ તપાસ કરીને જરૂરિયાતમંદ લોકોને સરકારી યોજનાઓનો લાભ આપવામાં આવે.

# દાહોદના મુસ્લિમ સમાજે ભેગા મળી ભાજપના પૂર્વ પ્રવક્તા નૂપુર શર્મા અને નવીન જિંદાલ સામે કડકમાં કડક કાર્યવાહી કરવા માટે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
થોડા દિવસો અગાઉ ભાજપના પૂર્વ પ્રવક્તા નૂપુર શર્મા દ્વારા મુસ્લિમ સમાજના પયગંબર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના વિરૂદ્ધમાં તેમને ગુસ્તાખી કરી હતી અને તેને લઈને મુસ્લિમ સમાજ રોષે ભરાયો હતો. મુસ્લિમ સમાજના રોશને લઈને તેમાં મુસ્લિમ દેશોના વિરોધને લઈને હરકતમાં આવેલી ભારતીય જનતા પાર્ટી દ્વારા નૂપુર શર્મા અને નવીન જિંદાલની તરત જ પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો. તેમજ નૂપુર શર્માને છ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને સાથે જ જણાવવામાં આવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી દરેક ધર્મનું સન્માન કરે છે. એવું પણ જણાવવામાં આવ્યું હતું પરંતુ નૂપુર શર્મા અને નવીન જિંદાલ સામે કોઈપણ કાનૂની કાર્યવાહી ન થતા મુસ્લિમ સમાજમાં રોષની લાગણી ભભૂકી ઉઠી હતી અને તેને લઈને દેશભરમાં લોકોએ વિરોધ પ્રદર્શનો કર્યા હતા અને આવેદનપત્ર સુપરત કરાયા હતા તેની કડક સજાની માંગ સાથે ત્યારે તેને લઈને આજરોજ દાહોદના મુસ્લિમ સમાજના અલગ અલગ કોમના લોકો પણ દાહોદ જિલ્લા છાપરી ખાતે આવેલી કલેક્ટર કચેરીના પટાંગણમાં ભેગા થયા હતા અને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ભાજપના પૂર્વ પ્રવક્તા નૂપુર શર્મા અને નવીન જિંદાલ સામે કડકમાં કડક કાર્યવાહી કરવા માટે દાહોદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. જેમા દાહોદ મુસ્લિમ સમાજના લોકો એકઠા થયા હતા અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# ફતેપુરાના મોટાભાગના પેટ્રોલ પંપ પર ડીઝલની અછત સર્જાતા ખેડૂતો સહિત અનેક લોકો અટવાયાં



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,
હાલ પેટ્રોલ ડિઝલએ રોજિંદી જીવન જરૂરી વસ્તુ માંથી એક છે. ત્યારે ફતેપુરામાં ડીઝલનો જથ્થો મોટાભાગના પેટ્રોલ પંપ પર અછત સર્જાઈ હતી. ફતેપુરાના પેટ્રોલ પંપ રાજસ્થાનની સરહદી વિસ્તારમાં આવેલા હોવાથી ડિઝલમાં અછત સર્જાઈ. રાજસ્થાન કરતા ગુજરાતમાં ડિઝલ પેટ્રોલનો ભાવ ઓછો હોવાથી રાજસ્થાનના સરહદી વિસ્તારના લોકો ડીઝલ પેટ્રોલની ખરીદી કરવા ગુજરાત આવતા હોય છે. જેના લીધે ગુજરાતના સરહદી તાલુકા ફતેપુરામાં ડિઝલની અછત સર્જાતી હોવાની ચર્ચા.

ફતેપુરા તાલુકાના અનેક ગામડાઓમાં હાલ ચોમાસાની ઋતુની શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે ફતેપુરાના ગામડાઓમાં મોટાભાગે લોકો ખેતી તરફ વળ્યા છે. ત્યારે ચોમાસાની શરૂઆતમાં ડિઝલની અછત સર્જાતા ખેડૂતોમાં એક તરફ નારાજગી જોવા મળી હતી. વરસાદ પડવા થી હાલ મોટાભાગના ખેડૂતો ખેતીકામ ટ્રેક્ટર દ્વારા કરતા હોવા થી લોકોને ડિઝલ ન મળતાં હલકી ભોગવવાનો વારો આવ્યો. ત્યારે બીજી તરફ પેટ્રોલ પંપ સંચાલકો દ્વારા પણ પેટ્રોલ ડિઝલનો જથ્થો પુરતો પ્રમાણમાં આપવા માંગ ઉઠવા પામી છે.

# દાહોદ શહેરમાં પહેલા વરસાદ સાથે વીજ કંપનીની પ્રિમોન્સુનની પોલ ખોલી

દાહોદ,
દાહોદ શહેર સહિત જિલ્લામાં ગતરોજ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. ત્યારે બીજી તરફ સ્માર્ટ સિટી એવા દાહોદ શહેરમાં પ્રથમ વરસાદે જ દાહોદ એમ.જી.વી.સી.એલ ની પ્રિમોન્સુન કામગીરીની પોલ ખુલ્લી પડી હતી. સિઝનના પ્રથમ વરસાદના ઝાપટા સાથે જ દાહોદ શહેરના તમામ વિસ્તારોમાં વિજળી પુરવઠો કલાકો સુધી ખોરવાતા સ્થાનિકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ જવા પામી હતી.

ચોમાસા પહેલા દાહોદ એમ.જી.વી.સી.એલ દ્વારા પ્રિમોન્સુન કામગીરી ને ધ્યાનમાં રાખી દાહોદ શહેરના તમામ વિસ્તારોમાં સમારકામ સહિત અનેક વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને પ્રિમોન્સુન કામગીરીની ગુલબાંગો પોકારતા હતા. ત્યારે ગતરોજ દાહોદ શહેરમાં પ્રથમ વરસાદના આગમન સાથે જ દાહોદ એન જી વિશેની પ્રિમોન્સુન કામગીરીની પોલ ખુલી જવા પામી હતી. વરસાદના ઝાપટા સાથે દાહોદ શહેરના અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો કલાકો સુધી ખોરવાઈ ગયો હતો. જેને પગલે મોડી સાંજ સુધી લોકોને અંધારપટમાં રહેવાનો વારો આવ્યો હતો બીજી તરફ કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાતા ગરમીમાં લોકો શાહીમાં પોકારી ઉઠયા હતા અને દાહોદ એમ.જી.વી.સી.એલ.ની કામગીરી પર પણ અનેક સવાલો ઉઠવા પામ્યા હતા. ત્યારે હાલ તો માત્ર પ્રથમ વરસાદમાં જ આવી હાલત છે. તો ચોમાસાનાં ત્રણચાર મહિના કેવા પસાર થશે? તેવી અનેક ચર્ચાઓ પણ લોકોમાં વહેંચી થવા પામી હતી.

# ઝાલોદમાં કડાકા ભડાકા સાથે વરસાદ થતાં ગરમીથી રાહત

ઝાલોદ,
ઝાલોદ નગરમાં વીજળીના કડાકા ભડાકા અને વાવાઝોડા સાથે વરસાદની એન્ટ્રી થઈ હતી. વરસાદ આવતા જ વાતાવરણમાં ઠંડક થતાં ગરમીમાં લોકોને રાહત થઇ હતી. ચોમાસાનો પ્રથમ વરસાદ હોઈ બાળકો વરસાદમાં ભીંજાવા માટે રસ્તા ઉપર આવી ગયા હતા.

ઝાલોદમાં છેલ્લા કેટલાય દિવસથી ગરમીનો પારો ઉંચો જતા આમ જનતા ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠી હતી. છેલ્લા બે દિવસથી ભેજવાળુ વાતાવરણ અને આકાશમાં કાળ ભમ્મર વાદળો દેખાતા વાતાવરણમાં એકાએક પલ્ટો આવતા વાવાઝોડા અને વીજળીના કડાકા ભડાકા સાથે જોરદાર વરસાદ તુટી પડ્યો હતો. ચોમાસાનો પ્રથમ વરસાદ હોય લોકોમાં અને ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી. હાલમાં ખેતીલાયક વરસાદ થયો પણ નથી પણ વરસાદ આવતા ગરમીમાં લોકોને ઠંડકની રાહત થઈ હતી.

# દાહોદ ગોદી રોડ વિસ્તારમાં વરસાદમાં શોર્ટ સર્કિટ થતાં વીજ ઉપકરણો બળી જવા પામ્યા

દાહોદ,
દાહોદ શહેરના ગોદીરોડ વિસ્તારમાં ગતરોજ વરસાદના માહોલ વચ્ચે વિસ્તારમાં શોર્ટ સર્કિટ થતાં ટી.વી., કોમ્પ્યુટર, સી.સી.ટી.વી. કેમેરા વિગેરે ઉપકરણો બળી જવા પામ્યા હતાં.

ગતરોજ દાહોદ શહેરમાં વિજળીના કડાકા ધડાકા સાથે મેઘરાજાએ ધમાકેદાર પધરામણી કરી હતી. આ દરમ્યાન દાહોદ શહેરમાં કલાકો સુધી વીજ પુરવઠો પણ ખોરવાઈ ગયો હતો અને ઘણા સ્થળોએ વીજ ડીપીઓમાં પણ શોર્ટ સર્કિટ થવા પામ્યાં હતા. ત્યારે દાહોદ શહેરના ગોદી રોડ વિસ્તાર ખાતે વરસતા વરસાદ વચ્ચે વિસ્તારમાં અચાનક વીજ લાઈનમાં શોર્ટ સર્કિટ થતાં વિસ્તારના રહેણાંક મકાનોના ટી.વી., કોમ્પ્યુટર, સી.સી.ટી.વી. કેમેરા વિગેરે જેવા ઉપરકણો બળી ગયાં હતાં. લોકોના ઉપકરણો બળી જતાં ખુબ મોટુ નુકસાન થયું હોવાની ચર્ચાઓ પણ ચાલી હતી.


તા.૧૩/૦૬/૨૦૨૨ ના રોજ ૧૩૪ દે.બારીયા વિધાનસભાના પીપલોદ ૨ તાલુકા પંચાયત સીટમાં તાલુકા પંચાયત સભ્ય કોકિલાબેન રાઠવાના સહયોગથ બુથ નં. ૩,૪,૫,૬ની કામગીરી પૂર્ણ કરવામા આવી. જેમાં બુથ પ્રમુખો, સંયોજકો, બી.એલ.એ.૨, વોટસપ ઈનકચાર્જ તથા ગ્રામજનો, કાર્યકર્તાઓ ખૂબ ઉત્સાહી જણાયા, તેઓને મોદી સરકારના કરેલા વિકાસના કામો લોકો સુધી પહોંચાડવાની ચર્ચાઓ કરી હતી.

# રાજ્ય સરકાર બોગસ ખેડુતોને નોટીસો આપવાની છે તો નકલી યુરીયા ખાતરનું વેચાણ ક્યારે અટકાવશે...???

દે.બારીયા,
રાજ્ય સરકાર ખેડુતોને સબસીડીવાળો યુરીયા ખાતર આપતી હોય છે. આ સબસીડીવાળું ખાતર બજાર કિંમત કરતા ખેડુતોને સસ્તુ પડે છે. આ સબસીડાઈઝ યુરીયા ખાતરનો મોટો જથ્થો ઉદ્યોગમાં ઉપયોગમાં લેતા હોય છે. હાલમાં રાજ્ય કૃષિ રાજ્યમંત્રી રાજીવ પટેલે કહ્યું હતું. ઉદ્યોગોમાં તપાસ કરતા ૮૧૮૪ બેગ પકડાઈ છે અને આગામી દિવસોમાં આ તપાસ ચાલુ રહેશે.

મળતી માહિતી મુજબ રાજ્યના મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ સંકેત આપ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ નિકટના સમયમાં પ્રજાના લક્ષી ૧૯ જેટલા મહત્વના નિર્ણયો જાહેર કરશે મહેસુલ વિભાગ રાજ્યમાં બનેલા બોગસ ખેડુતો મામલે કોઈ જ બાંધ છોડ કરશે નહી અને ટુંકમાં જ શંકાસ્પદ બોગસ ખેડુતોને નિયમો અનુસાર નોટીસો ફટકારશે વધુમાં જણાવતા મંત્રીએ કહ્યું કે, વિકાસશીલ કાર્યો અને કલ્યાણકારી યોજનાઓનો જન સમુદાયને લાભ મળે તે માટે પ્રેરીત કરવાના છે.

દે.બારીયા પંથકમાં રવિવારના સાંજથી મેઘરાજાની સવારી આવી ચુકી છે. જેના કારણે ધરતી પુત્રોની ખુશી સમાતી નથી. ખેતરો ખેડવાના કામે લાગી પણ ગયા છે અને વાવેતરનું કાર્ય આવતા દિવસોમાં આરંભ થવા પામશે. તેથી ખેડુતો યુરીયા ખાતરની શોધમાં ખેડુતો સવાર થી દે.બારીયાના બજારમાં યુરીયા માફિયાઓ આ તકનો લાભ માટે નકલી યુરીયા ખાતરની બેગો પાસેના રાજ્ય મધ્યપ્રદેશ લાવી ઉંચા ભાવે ગરીબ આમ ખેડુતોને પધરાવી લાખો રૂપીયા સેરવી લેતા ખચકાતા નથી શું ? આ સમયે તંત્ર એલર્ટ કેમ રહેતી નથી કે પછી તેઓ પણ આંખ આડા કાન કરી રહ્યા છે. કૃષિ વિભાગ અને ફુડ અને ડ્રગ્સ વિભાગ સાથે જીલ્લાનું વહીવટી તંત્ર આવતા વાવેતરના સમયગાળામાં નકલી યુરીયા અને નકલી બીયારણનું વેચાણ કરતા યુરીયા માફિયાઓની શાન ઠેકાણે લાવવા પ્રયત્નો હાથ ધરશે ? તે તો આગળ આવનારો વાવેતરનો સમય જ બતાવશે કે પછી વેપારીઓ પાસેથી દક્ષિણા લઈને લીપાપોથી કરાશે શું ? તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

# ગોધરા જહુરપુરામાં જાહેરમાં જુગાર રમતા પાંચ ઈસમોને પોલીસે ઝડપ્યા

ગોધરા,
ગોધરા જહુરપુરા શાકમાર્કેટમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી પાંચ ઈસમોને ૧૩૨૦/–રૂપીયાના સાથે ઝડપી લેવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા જહુરપુરા શાકમાર્કેટમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન શોએબ અહેમંદ મણકી, મહમદ મુસ્તકીમ ઉર્ફે લાલો અબ્દુલ લતીફ ગુણીયા, સલમાન અબ્દુલ અજીજ મણકી, આરીફ યાકુબ વસ્કા, મંહમદ આશીફ અબ્દુલ જબ્બર પંડયાને ઝડપી પાડયા હતા. તેઓની અંગઝડપી અને દાવ ઉપર મુકેલ ૪૩૨૦/–રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરી આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# દાહોદ પોલીસે એમ.પી.ની હાઈસ્પીડ બાઈક ચોરી કરતી ગેંગના ૩ ઈસમોને ઝડપી ચોરીની ૭ બાઈકો કબ્જે લીધી

દાહોદ,
મધ્યપ્રદેશ રાજયનીહાઈ સ્પીડ મોટર સાયકલ ચોરી કરનાર ગેંગના ૦૩ સાગરીતોને પકડી આંતરરાજ્ય બાઈક ચોરીના ગુનાનો ભેદ ઉકેલવામાં દાહોદ શહેર પોલીસને સફળતાં પ્રાપ્ત થઈ છે. જેમાં પોલીસે ચોરીની ૦૭ મોટરસાઈકલો કબજે કરી છે.

દાહોદ જિલ્લા પોલીસ વડા દ્વારા જીલ્લામાં લૂટ, ધાડ, પરફોડ ચોરીના ગુનાઓના વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા સારૂ જરૂરી સુચના અને માર્ગદર્શન આપતાં દાહોદ શહેર પોલીસ દ્વારા દાહોદ પડાવમાં વાહન ચેકિંગમાં હતા. તે સમયે એક મોટરસાઈકલ ઉપર બે ઈસમો ગરબાડા તરફથી આવતા તેમને રોકી તેઓની પુછપરછ કરતાં પોલીસને તેઓની ઉપર શંકા ગઈ હતી અને પોલીસ મથકે લાવી સઘન પુછપરછ કરતાં એકે પોતાનું નામ પ્રકાશભાઈ શંકરભાઈ જાતે.બામણીયા (ઉ.વ .૨૦ રહે. કરચટ નદી ફળીયા તા.કુક્ષી જી ધાર, મધ્યપ્રદેશ) બીજાનું નામ રણસિહ મગનસિંહ જાતે અનારે (ઉં.વ .૨૦ રહે.દેવીપુરા ગદવાણી પો.સ્ટે ટાડા તા.કુક્ષી જી. ધાર, મધ્યપ્રદેશ) અને તથા તેની પાસેની બેસેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરની પોલીસે અટકાયત કરી હતી અને તેઓએ આ મોટરસાઈકલ ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. પોલીસે ઉપરોક્ત વ્યક્તિઓ પાસેથી ચોરીની ૦૭ મોટરસાઈકલો કબજે કરી હતી. પોલીસે આ બનાવમાં અન્ય ચોર ઈસમોના પણ ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દાહોદ નગરાળામાં છોકરીના સમાધાન પેટે રૂપિયા કેમ લાવ્યા તેમ કહી માર મારતા ફરિયાદ

દાહોદ,
દાહોદ તાલુકાના નગરાળામાં ગામના આગેવાનોને કહ્યા વગર મારી છોકરીના સમાધાનના રૂપિયા કેમ લઈ આવ્યો છે તેમ કહેતા બે મહિલા સહિત ચાર લોકોએ એકને લાકડી મારી ઈજાઓ કરી તેમજ જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી.

દાહોદ તાલુકાના નગરાળા ગામના ખેડા ફળિયાના મુકેશ રાળિયા બામણીયા, રાળિયા ભુરકા બામણીયા, હિતુબેન રાળિયા બામણીયા તથા લલ્લીબેન મુકેશ બામણીયા ચારેય જણા ભેગા મળી નાગજીભાઈ પરમારના ઘરે જઈ તેમને ગાળો બોલતા હતા જેથી નાગજીભાઈએ તેઓને ગાળો બોલવાની ના પાડી હતી. તેઓએ જણાવેલ કે, ગામના આગેવાનોને કહ્યા વગર કેમ મારી છોકરીના સમાધાનના ૮ હજાર રૂપિયા લઈ આવ્યા છો તેમ કહેતા મુકેશ બામણીયાએ નાગજીભાઈને લોખંડની પાઈપ ડાબા હાથે મારી ગંભીર ઈજાઓ તેમજ પગના ભાગે ઈજાઓ કરી હતી. રાળિયા બામણીયા, હિતુબેન બામણીયા, લાલીબેન નાગજીભાઈને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવી હતી. આ સંદર્ભે ઈજાગ્રસ્ત નાગજીભાઈના પુત્ર કસનાભાઈ સહિત ચાર હુમલાખોર સામે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસ દ્વારા ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગરબાડાના ખારવા ગામે કારચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
તારીખ ૧૨ મીની રાત્રિના જીજે.૧૬.બીકિ. ૪૦૯૨ નંબરની ઈકો ગાડીનો ચાલક અલીરાજપુર હાઈવે પર દાહોદ થી ગરબાડા તરફ પૂરપાટ ઝડપે જઈ રહ્યો હતો. ત્યારે ખારવા ગામે આવતા ચાલક દ્વારા સ્ટેરીંગ પરથી કાબૂ ગુમાવતા કાર રોડની સાઈડમાં આવેલ મકાનને અથડાતાં મકાનની દીવાલ અને પતરાને નુકશાન થયું હતું. જોકે સદ્દનસીબે આ મકાનમાં કોઈ હાજર ન રહેતા જાનહાનિ ટળી હતી. જ્યારે કાર ચાલક તેમજ તેમાં સવાર વ્યક્તિઓને સામન્ય ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું હતું.

# દાહોદમાં વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી કરાશે

દાહોદ,
દાહોદમાં આગામી તા. ૧૪ જૂને કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં બ્લડ ડોનેશન કેમ્પનો પ્રારંભ કરાશે. વિશ્વ રક્તદાતા દિવસ દુનિયાભરના સ્વૈચ્છિક રક્તદાતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવા માટે ઉજવવામાં આવે છે. આ વિશ્વ રક્તદાતા દિવસ દર વર્ષેની જેમ જૂન ૧૪ના રોજ ઉજવવામાં આવશે. તેની શરૂઆત સને ૨૦૦૭ ના વર્ષથી કરવામાં આવી છે. તા. ૧૪ જુનના રોજ દાહોદ જિલ્લામાં પણ સ્વૈચ્છિક રક્તદાતાઓનો આભાર માનવા માટે જિલ્લા વહિવટી તંત્ર, એમ.એમ. ચેરીટેબલ સેવા ટ્રસ્ટ અને ભારતિય પત્રકાર સંઘના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. આ વખતે Donating Blood is an act of solidarity. join the efforts and save livesની થીમ ઉપર વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યુ છે. આ પ્રસંગે રક્તદાતાઓને સંકલ્પ લેવાના કાર્યક્રમનું પણ આયોજન કરાયુ છે. આ દિવસને અનુલક્ષીને દાહોદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને ઝાયડસ હોસ્પિટલની બ્લડ બેંકમાં રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ અવસરે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને ઝાયડસ હોસ્પિટલ ખાતે જિલ્લા કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીની ઉપસ્થિતિમાં રક્તદાન કેમ્પનો પ્રારંભ કરવામાં આવશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.248

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી હર્ષદ

# કાગળ ઉપર ઘોડા દોડાવવામાં માસ્ટર માઈન્ડ રૂપારેલ નદીમાં ઠેરઠેર ગંદકી અરજદાર અને સરકાર ને ગેરમાર્ગે દોર્યા

વેજલપુર,

વેજલપુર ગામમાં ઠેરઠેર ગંદકી ગ્રામ પંચાયત સાફ સફાઈ માં નિષ્ફળ પ્રાપ્ત વિગતો પ્રમાણે વેજલપુર ગામના રહીશો દ્વારા પી જી પોર્ટલ ઉપર અનેક વખત લેખિત માં ઓનલાઈન ફરિયાદો કરવા છતાં ફરિયાદો ની કોઈ અસર નહિ કારણ કે જાડી ચામડી ના બની બેઠેલા હર્ષદ નામના તલાટી ક્મ મંત્રી કાગળો ઉપર ઘોડા દોડાવવામાં માહિર સાબિત થયા તેઓ દ્વારા અરજદારોની પી જી પોર્ટલ અરજી ઓનો ખોટા જવાબો કરી સરકાર અને અરજદારો ને ગેરમાર્ગે દોરતા સાબિત થયા હર્ષદ તલાટી અને કાલોલ તાલુકાના અધિકારીઓની મિલી ભગતના કારણે ખોટા જવાબ કરી ઓનલાઈન જવાબો કર્યા કે વેજલપુર ગામની રૂપા રેલ નદી ની ગંદકી દૂર કરવા એજન્સીને સોંપી ને ૨૭/૫/૨૦૨૨ ના રોજ થી સાફ સફાઈ કામ શરૂ કરી અને ગંદકી દૂર કરવામાં આવશે તેવા ખોટા જવાબો રજૂ કરવામાં આવ્યા છે. ત્યારે



તસ્વીર : નુર બાલા, વેજલપુર

અરજદાર અને ગ્રામજનોમાં રોષ જોવા મળી રહયો છે કે, તલાટી આજ દિન સુધી ગામમાં સાફ સફાઈ કામ કરાવેલ નથી અને કોઈ એજન્સી ને સોંપવામાં આવેલ નથી. ત્યારે બીજી તરફ અરજદાર દ્વારા એવી પણ રજૂઆત કરવામાં આવી છે કે, વેજલપુર ગ્રામ પંચાયતના સરપંચ અભણ હોય જેના કારણે ગ્રામ પંચાયત ના મળતીયા દ્વારા સરપંચની સહી કરવામાં આવે છે અને તેઓની સહીનો દૂર ઉપયોગ કરવામાં આવે છે. તેવા આક્ષેપો ઓનલાઈન પી જી પોર્ટલ ઉપર કરવામાં આવ્યા છે. તેમ છતાં અરજદારને યોગ્ય જવાબ આપવામાં આવતા નથી. ત્યારે વોર્ડ નં ૮ ના સભ્ય પતિ દ્વારા જણાવેલ વેજલપુર ગ્રામ પંચાયત ના વોર્ડ નં ૮ ના મહિલા સભ્ય દ્વારા વેજલપુર ગ્રામ પંચાયત માં ગામ ની ગંદકી અને રૂપારેલ નદીની સફાઈ માટેની ગંદકી દૂર કરવા અંગે અનેક વખત રજુઆત કરવા છતાં ગામમાં સાફ સફાઈ ન થતા વોર્ડ નં ૮ ના મહિલા સભ્ય પણ નારાજ છે. જેના કારણે વોર્ડ નં ૮ ના મહિલા સભ્ય પતિ જેઓ સામાજિક કાર્યકર અને સમાજના અગ્રણી મેહબુબભાઈ બદના એ જાગૃત નાગરિક તરીકે પણ ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી ક્મ મંત્રીને અનેક વખત રજુઆત કરી કે ગામ જનો અમારા પર વિશ્વાસ મૂકી અમોને ગામના વિકાસના કામો થાય તેવા વિશ્વાસની સાથે ચૂંટીને લાવ્યા છે. ત્યારે અમો સભ્યોનું ગ્રામ પંચાયત દ્વારા કાઈ સાંભરવામાં આવતું નહોય તો અન્ય ગ્રામજનોનું ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી ક્મ મંત્રી કયાંથી સાંભળતા હશે તેવું ગ્રામ પંચાયત વોર્ડ નં ૮ ના સભ્ય પતિ એ જણાવેલ કે, વેજલપુર ગ્રામ પંચાયતના સભ્યો અને ગામ જનો રૂપા રેલ નદી સાફ સફાઈ થાય અને વેજલપુર ગામ સ્વચ્છ અને અને સુંદર બને અને સાચા અર્થમાં સ્વચ્છ ગામ બને તેવી માંગ ઉઠી છે. જેથી હવે જોવું એ રહયુ કે કેટલા દિવસમાં એજન્સીને સોંપીને ગામની ગંદકી દૂર કરશે કે પછી આવા તલાટી માત્ર કાગળ ઉપર ઘોડા દોડાવશે તે જોવું રહયુ.

# બોગસ ખેડુતોની ફરિયાદ મળશે ત્યાં જરૂરી તપાસ કરી અસરકારક પગલાં ભરવાનો મહેસુલ મંત્રીનો આદેશ

ગોધરા,

ગુજરાત સરકાર મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા અંગત કાયદા અંગે ન્યાયની સમતુલા સચવાઈ અને બોગસ ખેડુતો સરકારશ્રીના અન્ય બાબતે નુકશાન ના થાય અને ખોટા સરકારી લાભોને નુકશાન ના થાય તેવા બોગસ બનેલા ખેડુતોને શોધી કાઢવા ગુજરાત રાજ્ય સરકારના સખત થી સખત ચર્ચા વિચારના હેઠળ આદેશો બાબતે તેઓ દ્વારા જ્યાં પણ ફરિયાદ મળશે. ત્યાં બોગસ ખેડુતોને શોધી કાઢીશું. આમ, ખેડા જીલ્લાના માતર તાલુકામાં ફરીયાદના। આધારે ૫૦૦ બોગસ ખેડુતો તપાસ દરમિયાન મળી આવેલ છે. આમ, કાયદા અને મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી વડોદરા સહીતની તેમજ પુરા રાજ્યમાં જ્યાં પણ ફરિયાદ મળશે. ત્યાં માતરના કિસ્સાની જેમ જ તપાસ કરીને બોગસ ખેડુતો શોધી કઢાશે.

આમ, ગુજરાત સરકાર તરફ બીનખેડુતોની કાર્યવાહી પંચમહાલ ગોધરાના નાગરિકો દ્વારા તથા દાહોદના નાગરિકો દ્વારા બોગસ ખેડુતોનું પ્રમાણ ખુબ જ મોટા પ્રમાણમાં બીનખેડુતો મળી આવે તેમ છે અને આ બાબતે ટુંક સમયમાં ગુજરાત સરકારના મુખ્યમંત્રી ૧૯ નિર્ણયો જાહેર કરશે તેવું કાયદા અને મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા જાહેર કરવામાં આવેલ છે. પરંતુ બીનખેડુતોનો રેલો વડોદરા બોગસ ખેડુતો સુધારવાના નિર્ણય મહેસુલી વિભાગ દ્વારા ટીમ બનાવી બોગસ ખેડુતો સામે નોટીસો કાઢે તેવી શક્યતા સામે આવેલ છે. પરંતુ પંચમહાલ જીલ્લા તથા દાહોદ જીલ્લામાં યોગ્ય માતરની જેમ તપાસ કરવામાં આવે તો બોગસ ખેડુતોનું પ્રમાણ વધી જાય અને ખોટા ઈન્કમટેક્સની ચોરી કરવાવાળા તથા ખેડુતોની આળમાં લાભો લેવા વાળાએ સામે ફોજદારી રાહે કાયદા અને મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા બોગસ ખેડુતો તમારી જાતે નિકળી જાવ અને જો તમો જાતે નહી નિકળો તો એફ.આર.આઈ. દાખલ કરવાની સખત થી સખત સુચનાઓ ભારપૂર્વક આપી જાહેર કરેલ છે.

આમ, પંચમહાલ જીલ્લા ગોધરા તથા દાહોદ જીલ્લા દાહોદ બોગસ ખેડુતો બાબતે યોગ્ય કૃષિપંચ મામલતદારો પંચમહાલ જીલ્લા તથા દાહોદના કેસો તપાસ કરવામાં આવે તો તમામ ખોટા ખેડુતો મળી આવે તેમ છે અને કૃષિપંચ ગોધરા પંચમહાલ તથા દાહોદના અવલોકનો કેસો તપાસ હાલના ગોધરા પ્રાંત અધિકારી એન.બી.રાજપુત તથા જીલ્લા દાહોદ પ્રાંત અવલોકન એન.એમ.ગણાવા અધિકારીના કેસોની ચકાસણી કરી કરવામાં આવે તો બોગસ ખેડુતો ખુબ જ મોટા પ્રમાણમાં આ બન્ને જીલ્લા પંચમહાલ તથા દાહોદ થી મળી આવે તેમ છે. જેથી નાગરિકો દ્વારા કરેલ બાબતની અરજીઓની બન્ને જીલ્લા માંથી તપાસ થાય તો તેઓના સરકારી કર્મચારીઓ–અધિકારીઓ પોતે ખોટા હુકમોના આધારે બનાવેલ સામે કાયદા અને મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીની ટીમ આવા બોગસ ખેડુતો બને જીલ્લાઓ માંથી બહાર આવે તેમ છે અને ગરીબ પ્રજાની હકક હિતોને નુકશાન ના થાય અને ન્યાયના હિતમાં યોગ્ય હુકમો થાય રેકર્ડ રૂલ્સ તથા કાયદા વિરૂદ્ધ હુકમો કરી કરાવનાર સામે ખાતાકીય તપાસ થાય નાગરિકો હેરાન ના થાય તેવી પણ અરજદારો દ્વારા મહેસુલ વિભાગ ગાંધીનગર સરકારમાં થઈ તેવી અવારનવાર દૈનિકો દ્વારા વધુ જાણવા મળે છે. તેમ તલાટીઓની કચેરીઓ સર્કલ કચેરીઓ મામલતદાર કચેરીઓ, પ્રાંત કચેરીઓ, જીલ્લા કલેકટર કચેરીઓ દ્વારા અરજદારો રજુઆતો કરતા હોય છે અને કેટલા ખોટા હુકમો રીપોર્ટો બાબતે ગુ.સ.રાજ્યમાં અરજીઓ થાય છે. તેવી ચર્ચા કોને સાંભળવા મળે છે. જેથી બોગસ ખેડુતોનો ફફડાટ તેમના રંગેરંગમાં ઘુસી ગયો હોય અને તેઓ દ્વારા ફેરફાર કરવાના કિસ્સા મોટા પ્રમાણમાં વધી ગયા છે. તો કાયદા અને મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા આ બાબતે સખત સુચનાઓ સાથે યોગ્ય બન્ને જીલ્લાઓમાં કાર્યવાહી કરે તે નાગરિકો દ્વારા માંગો ઉઠવા પામેલ છે.

## પંચમહાલ જીલ્લામાં જિલ્લા વિકાસ અધિકારીના તાબા હેઠળ ચાલતા

# મિશન મંગલમ યોજનામાં થયેલ ભયંકર ભ્રષ્ટાચારની કસૂરવાર સામે પોલીસ ફરિયાદ દાખલ કરવા હાલોલ વિધાનસભા કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ખાસ કરી હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા તાલુકાઓમાં ગ્રામ વિકાસ એજન્સી DRDA ગોધરા દવારા ગ્રામ્ય વિસ્તારની ગરીબ મહિલાઓ તથા દિકરીઓ મિશન મંગલમ યોજના થકી આત્મનિર્ભરબની સ્વમાનથી જીવી શકે તે ઉમદાહેતુથી કરોડો રૂપિયાની ગ્રાન્ટ સરકાર તરફથી નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ માં ફાળવવામાં આવી હતી. સરકારનો ઉમદાહેતુ હતો પણ રક્ષક જ ભક્ષક બને ત્યારે ફરિયાદ કોને કરવી ? સરકાર તરફ થી ફાળવેલ ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થયો છે કે કેમ ? તે માટે ગાંધીનગરસ્થિત લાઈવલી હુડ પ્રપોશન કંપની લી ના મેનેજીંગ ડાયરેક્ટર ની ટીમ દવારા સ્થળ, સ્થિતિ તપાસ કરતાં રૂ.૨,૨૯,૨૭,૯૭૨ (બે કરોડ ઓગણત્રીસ લાખ સતાવીશ હજાર નવસો બોતેર પૂરા)ના બોગસ બીલો, વાઉચરો બનાવી સરકારી યોજનાના ગરીબોના નાણાં લૂટવાનું મિશન વ્યવસ્થિત રીતે થયું છે. જેથી જવાબદાર ભ્રષ્ટાચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા ગાંધીનગરની વડીકચેરીનો સ્પષ્ટ



આદેશ જીલ્લા વિકાસ અધિકારી પંચમહાલને તા. ૨૭/૦૪/૨૦૨૨ ના પત્ર થી સૂચના આપેલ છે. છતાં આ મિશન મંગલમ યોજનાના નામે ભ્રષ્ટાચારીઓને છાવરીરહ્યા છે. જિલ્લાવિકાસ અધિકારી પંચમહાલ ગોધરાએ અત્યારસુધી આ બાબતે કઈપણ ખાતાકીય કાર્યવાહી ન કરી સમગ્ર ભ્રષ્ટાચાર ના મિશનને શિષ્ટાચાર માની રહયા છે. સમગ્ર ભ્રષ્ટાચારીઓ સાથે આ DDO અર્જુનસિંહ રાઠોડ ભાગીદાર છે. જે તટસ્થ તપાસ ન કરવતા લોક મુખે ચર્ચાય છે. વર્તમાનપત્રો તથા થયેલ માહિતી મુજબ DDO અર્જુનસિંહ રાઠોડ રાજકીય રીતે મોટા વગદાર નેતાઓના છુપા આશીર્વાદથી પંચમહાલના વિકાસની ગ્રાન્ટ લૂટવાનું મિશન ચલાવી રહયા છે. અગાઉ DRDA પંચમહાલ ગોધરા તથા DDO પંચમહાલ ગોધરા દવારા જાંબુઘોડા તાલુકામાં મનરેગાયોજનામાં ગ્રામ પંચાયતોના મટીરીયલ્સના નામે અંદાજે ૩૦૦ કરોડનું કૌભાંડ હકીકત છે. છતાં આ વિકાસ પુરૂષ ભ્રષ્ટાચારીઓને મદદગારી કરનાર આરોપી છે અને ભ્રષ્ટ્રાચારીઓને બચાવી રહયા છે. માટે તેમની સાથે પણ સત્વરે કાયદેસરની કાર્યવાહી કરી તાત્કાલીક અસરથી નોકરીમાંથી દૂર કરવા જોઈએ તેમની સામે પણ ભ્રષ્ટાચારીઓ સાથે મદદગારીકરનાર ઈસમ તરીકે FIR દાખલ કરવી તેવી હાલોલ વિધાનસભા કોંગ્રેસની માગણી છે. વડી કચેરીના આદેશની અવહેલના કરનાર જીલ્લા વિકાસ અધિકારી સાથે કાયદેસર પોલીસ ફરિયાદ કરી સરકાર પોતાની વહીવટી પારદર્શિતા સાબીત કરે તેવી પંચમહાલ હાલોલ વિધાનસભા કોંગ્રેસ કાર્યકર્તાઓ માજી મંત્રી ઉદેસિંહ બારીયા, પ્રદેશ મહામંત્રી ગુજરાત યુવક કોંગ્રેસ ગુરૂરાજસિંહ ચૌહાણ, ગજેન્દ્રસિંહ પરમાર હાલોલ તાલુકા કોંગ્રેસ પ્રમુખ, ચેતનસિંહ પરમાર ઘોઘંબા તાલુકા કોંગ્રેસ પ્રમુખ, મોતીસિંહ બારીયા જાંબુઘોડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ સહિત આગેવાન કાર્યકર્તાઓ દ્વારા માંગ દર્શાવી હાલોલ મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપી તાત્કાલિક ધોરણે ફરિયાદ નોધવામાં આવે તેમ જણાવી રજૂઆત કરેલ છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાવત શબ્બીરભાઈ સિરાજભાઈ
તરફથી અભીનંદન....
મુ. સજોઈ,
તા. ધાનપુર,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
બારીયા બાબુભાઈ ચીમનભાઈ
તરફથી અભીનંદન....
મુ. માલણીયા ફળીયું-નળુ,
તા. ધાનપુર,
જી. દાહોદ

**શહેરા નગરપાલિકા**
**જાહેર નિવિદા**
**ટેન્ડર નોટીસ નં.૦૧, વર્ષ ૨૦૨૨-૨૩**

મુખ્ય અધિકારી, શહેરા નગર પાલિકા, જિ.પંચમહાલ તરફથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં રસ્તા રીસર્ફેસીંગની કામગીરી માટે રસ ધરાવતા સરકારશ્રીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટરો પાસે થી ઓન લાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડર તા.૨૭/૦૬/૨૦૨૨, સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોકયુમેન્ટ તા.૩૦/૦૬/૨૦૨૨ ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે. આ ટેન્ડર અંગેની બીજી શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે. ટેન્ડર તા.૩૦/૦૬/૨૦૨૨ બપોરના ૧૭.૦૦ કલાકે ઓપન કરવામાં આવશે. જેમાં ટેન્ડર કર્તાઓએ અત્રેની કચેરીમાં અવશ્ય હાજર રહેવાનુ રહેશે.

ચીફ ઓફીસર નગરપાલિકા શહેરા | કારોબારી અધ્યક્ષ નગરપાલિકા શહેરા | પ્રમુખ નગરપાલિકા શહેરા

માહિતી/ગોધરા/૨૫૦/૨૦૨૨

# ગોધરા SOGપોલીસ દ્વારા સલામતી અને સુરક્ષાને લઈ સઘન ચેકિંગ હાથ ધરી

ગોધરા,

પંચમહાલ જિલ્લા એસ.ઓ.જી.પોલીસ દ્વારા સુરક્ષા અને સલામતી માટે ગોધરા શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. ના.પોલીસ મહાનિરીક્ષક એમ.એસ.ભરાડા પંચમહાલ રેન્જ તેમજ પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી દ્વારા જિલ્લામાં અને શહેરોમાં સુરક્ષા અને સલામતી માટે જરૂરી ચેકિંગ કરવાની સુચના આપી હતી. જેમાં પંચમહાલ એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેકટર મિનેશ કે.ખાંટના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પી.એસ.આઈ. ડી.એમ. મછાર તેમજ એસ.ઓ.જી. સ્ટાફ તથા બી.ડી.ડી.એસ.ની ટીમને સાથે રાખી ગોધરા શહેરમાં આવેલા રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, જાહેર પાર્કિંગ, હોટેલ તેમજ ગેસ્ટ હાઉસ પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં આ તમામ સ્થળોએ બહારના રાજયના નાગરિકોના સરસામાન તેમજ આઈ.ડી.પ્રુફ તેમજ રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેશન ખાતે કાર્યરત પાર્સલ વિભાગ તેમજ અન્ય જાહેર જગ્યાઓએ સુરક્ષાની દ્રષ્ટિએ જરૂરી આધુનિક સાધનો દ્વારા સઘન ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૮ જૂને પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના દર્શન કરી વિરાસત વનની મુલાકાત કરશે

ગાંધીનગર,

પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ દરમિયાન તેમના હસ્તે ગુજરાતને મળનાર ભેટ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, વડોદરા ખાતે યોજાનાર કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી દ્વારા રેલવે વિભાગ હસ્તકના ગુજરાતના રૂ.૧૬,૩૬૯ કરોડના વિવિધ ૧૮ પ્રકલ્પોના ખાતમુહૂર્ત લોકાર્પણ કરવામાં આવનાર છે. જેમાં પાલનપુર-માદર ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરનું લોકાર્પણ તેમજ અમદાવાદ-બોટાદ પેસેન્જર ટ્રેનનું ફ્લેગ ઓફ કરવામાં આવશે. તે ઉપરાંત સુરત, ઉધના, સોમનાથ અને સાબરમતી સ્ટેશનના રીડેવલપમેન્ટના



કામોના ખાતમુહૂર્ત તથા ગેજ કંવર્જેશન સહિતના વિવિધ પ્રકલ્પોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્યના ગરીબ અને મધ્યમ પરિવારોને ઘરનું ઘર મળી રહે તે માટે શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વડાપ્રધાનશ્રી દ્વારા ૮૯૦૭ આવાસોના લાભો લાભાર્થીઓને આપવામાં આવશે.

પ્રવક્તા મંત્રીશ્રીએ મીડિયાને વિગતો આપતાં કહ્યું હતું કે, આગામી તા.૧૭ અને ૧૮ જૂન-૨૦૨૨ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાત પ્રવાસે આવનાર છે. વડાપ્રધાનશ્રી તા.૧૭ મી જુને રાત્રી રોકાણ રાજભવન ખાતે કરશે. તા.૧૮મી જૂન, શનિવારના રોજ સવારે ૯.૧૫ કલાકે પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના દર્શન કરીને ત્યાર બાદ ૧૧.૩૦ કલાકે વિરાસત વન(પાવાગઢ નજીક)ની મુલાકાત લેશે. વડાપ્રધાનશ્રીની વિશેષ ઉપસ્થિતિમાં વડોદરાના લેપ્રસી ગ્રાઉન્ડ ખાતે બપોરે ૧૨:૩૦ કલાકે "ગુજરાત ગૌરવ અભિયાન" કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ ઉપસ્થિત રહેશે.

વડાપ્રધાનશ્રી આ કાર્યક્રમમાં પોષણ સુધા યોજનાનુ વિસ્તરણ કરશે તેની વિસ્તૃત માહિતી આપતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, સ્ત્રીના જીવનમાં સગર્ભા અને ધાત્રી અવસ્થા ખૂબ મહત્વપૂર્ણ છે. આ અવસ્થા દરમિયાન માતાના ગર્ભમાં રહેલા શિશુને અને બાળકને સ્તનપાન કરાવવા માટે વધુ પ્રમાણમાં પોષણની જરૂરિયાત રહે છે. માતાની આ જરૂરિયાતને પહોંચી વળવા રાજય સરકારે પ્રાયોગિક ધોરણે વર્ષ ૨૦૧૭-૧૮ માં પોષણ સુધા યોજના શરૂ કરવામાં આવી હતી. જે અંતર્ગત આંગણવાડી ઉપર નોંધાયેલ સગર્ભા અને ધાત્રી માતાઓને એક વખતનું સંપૂર્ણ ભોજન આપવામાં આવે છે. આ સાથે આર્યન, કેલ્શિયમની ગોળી તથા આરોગ્ય પોષણ શિક્ષણ આપવામાં આવે છે. પ્રાયોગિક ધોરણે હાલ રાજયના આદિજાતી વિસ્તારમાં દાહોદ, વલસાડ, મહીસાગર, છોટાઉદેપુર અને નર્મદા એમ પાંચ જિલ્લાના ૧૦ ICDS ઘટકમાં સ્પોટ ફીડિંગ કાર્યક્રમ ચાલુ છે. આ યોજનાના સારા પરિણામો મળતા વર્ષ-૨૦૨૨-૨૩થી તેનો વ્યાપ વધારીને તમામ બાકી રહેલા આદિજાતિ વિસ્તાર જિલ્લાઓના આદિજાતિ ઘટકોમાં અમલીકરણ કરવામાં આવશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, આ યોજના માટે વર્ષ-૨૦૨૨-૨૩માં રૂ.૧૧૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત અંદાજીત સવા લાખ લાભાર્થીઓને દર મહિને આવરી લેવામાં આવશે. યોજનાના અસરકારક મોનીટરીંગ અને રિવ્યૂ માટે મોબાઈલ એપ્લીકેશન પણ બનાવવામાં આવી છે. આ યોજનાના અમલીકરણ થકી ઓછું વજન સાથે જન્મ લેનાર શિશુઓના દરમાં ઘટાડો થશે. તે ઉપરાંત માતા અને નવજાતના પોષણ સ્તરમાં સુધારો થશે તેમજ માતા અને બાળ મૃત્યુ દરમાં ઘટાડો થશે.


## શહેરા ગજનબી મસ્જીદ પાસે

# ફ્રુટનું વેચાણ કરતાં યુવાનનું વીજ કરંટ થી મોત થતાં MGVCL ડે.એન્જીનિયરને રજુઆત

શહેરા,

શહેરા ગજનબી મસ્જિદ પાસે ફ્રુટ નું વેચાણ કરતા ૨૨ વર્ષીય યુવાન નુ વીજ કરંટ લાગતા મોત નિપજ્યુ હતું. જયારે મૃતકના પરિવારજનો દ્વારા વીજ થાંભલા પરથી કરંટ ઉતરતાં મોત નિપજ્યુ હોવાનું એમજીવીસીએલના ડેપ્યુટી એન્જિનિયર સી.એમ.સિંઘ સમક્ષ જણાવ્યુ હતું.

સંતરામપુરનો રહેવાસી સોહીલ ખાન પઠાણ શહેરા નગરના તળાવ ફળિયા માં રહેતા તેના મામા યાસીન ખાનના ત્યાં રહીને ફ્રુટનો ધંધો કરતો હતો. સોહીલ પઠાણ ગજનબી મસ્જિદ પાસે ફ્રુટની લારી લઈને ઊભો હતો ત્યારે તેને લોખંડની પાઇપ પકડતા વીજ કરંટ લાગ્યો હતો. તે સમયે યુવાનનો જીવ બચાવવા માટે આજુબાજુમાં ઊભા રહેલા લોકોએ બહુ પ્રયાસો કર્યા



હતા. જોકે સોહીલને વીજ કરંટ લાગ્યા બાદ તે જમીન પર પડી જતા તેનો જીવ બચાવવા માટે આજુબાજુમાં ધંધો કરતા વેપારીઓ તાત્કાલિક સારવાર માટે નજીકના દવાખાને લઇ જતા હાજર તબીબ દ્વારા યુવાનનું મોત થયુ હોવાનુ જણાવેલ હતું. આ બનેલા બનાવની જાણ એમ.જી.વી.સી.એલ.ના ડેપ્યુટી ઈજનેર સી.એમ. સિંઘને થતા તેઓ અને જુનિયર ઈજનેર તેમજ લાઈન મેન ના સ્ટાફ સાથે ઘટના સ્થળે આવી પહોંચીને જરૂરી તપાસ હાથધરી હતી. જ્યારે ડેપ્યુટી ઈજનેર સમક્ષ મૃતકના પરીવારજનો દ્વારા વીજ થાંભલા ઉપર થી કરંટ ઉતરતાં સોહિલનું મોત થયું હોવાનું જણાવ્યું હતુ. યુવાનનું વીજ કરંટથી મોત થતાં સ્થળ ખાતે મોટી. સંખ્યામાં લોકટોળા ઉમટી આવ્યા હતા. વીજ કરંટ લાગતા એક પરીવાર ને પોતાનો લાડકો દીકરો ગુમાવવો પડયો હોય ત્યારે એમ.જી.વી.સી.એલ ના અધિકારીઓ દ્વારા વીજ થાંભલા ઉપરથી ખરેખર કરંટ ઉતારવાથી આ ઘટના બની છે કે નહીં તેની ઊંડાણપૂર્વક તપાસ કરવા સહિત ફરીથી આવી ઘટના ચોમાસા દરમિયાન તાલુકા પંથકમાં બનતી અટકે તે માટે ની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે તે પણ અત્યંત જરૂરી લાગી રહ્યું છે.